**આજનો સુવિચાર**

શિક્ષણ આજીવિકા ના સાધન તરીકે હોય તો કલા છે, અને જીવનવિકાસ માટે હોય તો વિદ્યા છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૪૬ જૂનાગઢ તા.૦૪-૧૦-૨૦૨૩ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 246, Junagadh : Date : 04 October, 2023, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


# સિક્કિમમાં વાદળ ફાટવાથી ભારે તબાહી : ૨૩ જવાન લાપત્તા



ગુવાહાટી તા. ૪

સિક્કિમમાં આજે વહેલી સવારે વાદળ ફાટવાના કારણે તિસ્તા નદીમાં અચાનક પૂર આવવાથી ૨૩ સૈનિકો ગુમ થઈ ગયા છે. ડિફેન્સ PRO અનુસાર, આજે સવારે લોનાક તળાવ પર વાદળ ફાટવાને કારણે લાચેન ખીણમાં તિસ્તા નદીમાં અચાનક પ્રચંડ પૂર આવ્યું.

નદીને અડીને આવેલા વિસ્તારમાં આર્મી કેમ્પ હતા, જે પૂરમાં તણાઈ જતાં ધોવાઈ ગયા છે. ગુવાહાટીના ડિફેન્સ PROએ કહ્યું- પાણીનાં પ્રવાહમાં અચાનક વધારો થવાને કારણે ચુંગથાંગ ડેમમાંથી પાણી છોડવું પડ્યું. આ પછી તિસ્તા નદીને અડીને આવેલા નીચાણવાળા વિસ્તારોમાં પાણી અચાનક ૧૫-૨૦ ફૂટ સુધી વધી ગયું હતું. અહીં સિંગથામ નજીક બરડાંગમાં પાર્ક કરાયેલાં આર્મીનાં વાહનો ડૂબી ગયાં હતાં.

આર્મીના જણાવ્યા અનુસાર વાદળ ફાટવાની ઘટના બાદ તિસ્તા નદીનું જળસ્તર અચાનક ૧૫ થી ૨૦ ફૂટ વધી ગયું હતું. આ પછી નદીને અડીને આવેલા આસપાસના વિસ્તારોમાં પાણી ભરાઈ ગયાં હતાં. નદીના પાણી પણ અનેક ઘરોમાં ઘૂસી ગયાં હતાં. લોકો ઘર છોડીને સલામત વિસ્તારોમાં દોડી ગયા હતા.

ગુવાહાટીના ડિફેન્સ પીઆરઓએ જણાવ્યું કે દુર્ઘટના બાદ લાપતા સેનાના જવાનોની શોધ માટે બચાવ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. સ્થાનિક પ્રશાસન પણ પોતાના સ્તરે બચાવ કાર્ય ચલાવી રહ્યું છે. લાપત્તા જવાનોમાં બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશનના ૧૫ ઈન્ડો તિબેટ બોર્ડર પોલીસનાં પાંચ અને તેમની સાથે રહેલા ત્રણ સિવીલીયન તમામ તણાય ગયા હતા. અહી ભારે વરસાદથી ભેખડો ઘસી પડતા માર્ગો બંધ થયા છે તથા ઉતર સિકકીમને રાજયનાં અન્ય ભાગને જોડતો માર્ગ પણ બંધ થયો છે અહી બે મુખ્ય પુલો પણ તૂટી પડયા છે. જોકે અહી ચોમાસાની સીઝન હોવાથી કોઈ પરમીટ ઈસ્યુ થઈ નથી તેથી આ ક્ષેત્રમાં કોઈ સહેલાણીઓ હોવાની શકયતા નથી ભારે પુરમાં રોડ-બીલ્ડીંગ મશીનરી પણ તણાઈ ગઈ છે જેથી અસરગ્રસ્ત ક્ષેત્રમાં પહોંચવુ પણ મુશ્કેલ બની ગયુ છે.


# આવતીકાલથી ક્રિકેટ વર્લ્ડકપનો પ્રારંભ : ૧૦ ટીમો વચ્ચે ૪૮ મેચ રમાશે

## અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડીયમ ખાતે ઈંગ્લેન્ડ - ન્યુઝીલેન્ડ વચ્ચે પ્રથમ મેચ : ઉદ્‌ઘાટન સમારોહ નહી યોજાય

અમદાવાદ, તા. ૪ : વિશ્વભરમાં ક્રિકેટ ચાહકોમાં જેનો રોમાંચ છે અને જેની ભારે આતુરતાપૂર્વક પ્રતિક્ષા છે તે વન-ડે વર્લ્ડકપનો આવતીકાલથી પ્રારંભ થશે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડીયમમાં ઈંગ્લેન્ડ- ન્યુઝીલેન્ડ વચ્ચે પ્રથમ મુકાબલો થશે. ૧૦ ટીમો વચ્ચે ભારતના ૧૦ મેદાનોમાં ૪૮ મેચો રમાશે. વર્લ્ડકપની ઓપનીંગ સેરેમની યોજાવાની નથી પરંતુ આજે સાંજે 'કેપ્ટન્સ ડે' અંતર્ગત તમામ ટીમના કપ્તાનનું સંયુકત ફોટોસેશન અમદાવાદમાં યોજાશે. વન-ડે ક્રિકેટ વર્લ્ડકપનો આવતીકાલે બપોરે અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડીયમથી પ્રારંભ થશે.

કાલથી વિધિવત મેચ પૂર્વે છેલ્લા પાંચ દિવસમાં દરેક ટીમોને બે-બે વોર્મઅપ મેચ રમાડવામાં આવ્યા હતા. જોકે ભારતના બંને મેચ વરસાદમાં ધોવાઈ ગયા હતા. કાલનો પ્રથમ મુકાબલો વર્લ્ડ કપમાં ફાઈનલ રમનાર ઈંગ્લેન્ડ તથા ન્યુઝીલેન્ડ વચ્ચે રમાશે. બંને દેશોની ટીમોનું અમદાવાદ આગમન થઈ જ ગયું છે અને આજે નેટ પ્રેકટીસ પણ કરી હતી. ૫ ઓકટોબરથી ૧૯ નવેમ્બર સુધી અંદાજીત ૪૫ દિવસ સુધી ચાલનારા આ વર્લ્ડકપમાં કુલ ૧૦ ટીમો સામેલ છે. ભારતના ૧૦ મેદાનોમાં કુલ ૪૮ મેચો રમાવાના છે. ઉત્તર ભારતના ધર્મશાલાથી દક્ષિણમાં ચેન્નાઈ-બેંગ્લોરના મેદાનોમાં મેચ રમાશે. ૨૦૧૯માં ધોરણે જ આ વખતનું વર્લ્ડકપ ફોર્મેટ રાખવામાં આવ્યું છે.

૧૦ ટીમોમાં ભારત, ઈંગ્લેન્ડ, પાકિસ્તાન, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ




આફ્રિકા, ન્યુઝીલેન્ડ, બાંગ્લાદેશ, શ્રીલંકા, અફઘાનિસ્તાન તથા નેધરલેન્ડનો સમાવેશ થાય છે. દરેક ટીમો એકબીજા સામે એક-એક લીગ મેચ રમશે અને ટોપ-ફોર ટીમો સેમી ફાઈનલ રમશે. પોઈન્ટ ટેબલમાં પ્રથમ અને ચોથા ક્રમની તથા બીજા અને ત્રીજા ક્રમની ટીમો વચ્ચે સેમીફાઈનલ રમાશે. ૯માંથી ૭ મેચ જીતનારી ટીમનો સેમીફાઈનલ પ્રવેશ નિશ્ચીત બની જશે.વર્લ્ડકપના મેચો માટે ભારતના ૧૦ મેદાનો નિયત કરવામાં આવ્યા છે. તેમાં અમદાવાદ, બેંગ્લોર, ચેન્નાઈ, દિલ્હી, ધર્મશાલા, કોલકતા, લખનૌ, મુંબઈ, પુના તથા હૈદ્રાબાદનો સમાવેશ થાય છે.

# આરક્ષણને ખતમ કરવાની કોઈની તાકાત નથી : ઉમા ભારતી

ભોપાલ તા. ૪

મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા ઉમા ભારતી કહે છે કે 'કોઈ માઈ કા લાલ આરક્ષણને ખતમ કરી શકે નહીં'. રાજધાની ભોપાલમાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન ઉમા ભારતીએ આરક્ષણ મુદ્દે વાત કરતા ખુલ્લેઆમ સમર્થન કર્યું હતું.

ભોપાલમાં સામાજિક સમરસતા ગાય સંરક્ષણ સંકલ્પ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન ભાજપના નેતા ઉમા ભારતીએ મંચ પરથી OBC અને મહિલા અનામતનો મુદ્દો ઉઠાવ્યો અને કહ્યું કે OBC લોકોને સરકારી નોકરીઓમાં ૨૭ ટકા અનામત મળવી જોઈએ

એટલું જ નહીં, ઉમા ભારતીએ કહ્યું કે માત્ર SC-ST જ નહીં પરંતુ દેશના ગરીબ ઉચ્ચ જાતિના લોકોને પણ અનામત મળવી જોઈએ. ગરીબ ઉચ્ચ જાતિના લોકોને ૧૦% અનામત મળવી જોઈએ. તેમણે કહ્યું કે મેં ઘણા બ્રાહ્મણો અને વૈશ્યોને જોયા છે જેઓ ખૂબ જ ગરીબ છે, તેમને ૧૦% અનામત મળવી જોઈએ.

વધુમાં ઉમા ભારતીએ કહ્યું કે જ્યાં સુધી સમાજમાં કોઈપણ વ્યક્તિ તેના અધિકારોથી વંચિત રહેશે ત્યાં સુધી અનામત નાબૂદ થઈ શકે નહીં. અનામત ત્યારે જ ખતમ થશે જ્યારે દેશની સ્થિતિ અને તેની વ્યવસ્થા સુધરશે.

અનામત આપવા જેવી સ્થિતિ નહીં હોય, ST-SC વર્ગના લોકો પોતે જ કહે કે તેમને અનામત નથી જોઈતી તો જ તેનો અંત આવી શકે છે. આ પહેલા આરક્ષણ કોઈ ખતમ કરી શકે નહીં.

## અમેરીકાનાં રીપબ્લીકન સાંસદ મેકાર્થીની સ્પીકરપદેથી હકાલપટ્ટી

વોશીંગ્ટન,તા. ૪ : રિપબ્લીકન સાંસદ કેવિન મેકકાર્થીને યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સના સ્પીકર પદ પરથી હટાવી દેવામાં આવ્યા છે. હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ, યુએસ સંસદ કોંગ્રેસના નીચલા ગૃહે મેકકાર્થીને સ્પીકર પદ પરથી હટાવવાની તરફેણમાં મતદાન કર્યું હતું. અમેરિકાના ઈતિહાસમાં આ પ્રકારનું મતદાન પ્રથમ વખત થયું છે. તે સાથે જ મેકકાર્થી વોટિંગ દ્વારા પદ પરથી હટાવવામાં આવનાર પ્રથમ સ્પીકર બની ગયા છે.

મેક્કાર્થીએ કુલ ૨૬૯ દિવસ સુધી હાઉસ સ્પીકર તરીકે સેવા આપી હતી, જે યુએસ ઈતિહાસમાં કોઈપણ સ્પીકરનો બીજો સૌથી ટૂંકો કાર્યકાળ હતો. મેકકાર્થી ૭ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ સ્પીકર તરીકે ચૂંટાયા હતા અને મંગળવારે તેમને પદ પરથી હાંકી કાઢવામાં આવ્યા હતા.

## આસામમાં બાળ લગ્નો વિરૂધ્ધ કાર્યવાહીનો બીજો તબકકો : ૧૦૦૦થી વધુની ધરપકડ

ગુવાહાટી, તા. ૪ : આસામમાં બાળ લગ્ન વિરુદ્ધ રાજયવ્યાપી કાર્યવાહીના બીજા તબક્કા હેઠળ મંગળવારે ૧૦૦૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે તેમ મુખ્યપ્રધાન હેમંતા બિસ્વા શર્માએ એક નિવેદનમાં જણાવ્યું છે.

ચાલુ વર્ષની શરૂઆતમાં પ્રથમ તબક્કા હેઠળ પણ હજારો લોકોની ધરપકડ કરવામાં આવી હતી. શર્માએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર જણાવ્યું હતું કે બાળ લગ્ન વિરુદ્ધ મોટા પાયે કાર્યવાહી હેઠળ આસામ પોલીસે એક વિશેષ અભિયાન હેઠળ વહેલી સવારે ૧૦૩૯ લોકોની ધરપકડ કરી છે. તેમણે જણાવ્યું હતું કે અભિયાન હજુ પણ ચાલુ હોવાથી ધરપકડ કરાયેલા લોકોની સંખ્યામાં વધારો થવાની શક્યતા છે.

## આપનાં સાંસદ સંજયસિંહનાં નિવાસ સ્થાને ઈડીનાં દરોડા

નવી દિલ્હી, તા.૪: આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહના ઘરે ઈડીના દરોડા પડ્યા છે. સંજય સિંહના ઘરે તપાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આજે સવારે ઈડીની ટીમ સંજય સિંહના ઘરે સર્ચ કરવા માટે પહોંચી છે. જોકે, હજુ સુધી આ સ્પષ્ટ નથી થયું કે ઈડીએ આ રેડ કઈ ઘટનામાં કરી છે.

સંજય સિંહના ઘરે એકસાઈઝ પોલિસીના કેસને લઈને દરોડા પાડવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. ઈડીએ પોતાની ચાર્જશીટમાં આરોપ લગાવ્યો હતો કે લીકર નીતિ કૌભાંડના આરોપી બિઝનેસમેન દિનેશ અરોરાએ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને તેમના ઘરે મુલાકાત કરી હતી. આ બેઠકમાં સંજય સિંહ પણ હાજર હતા.

આ પહેલા પણ આમ આદમી પાર્ટીના તમામ નેતા તપાસ એજન્સીના રડાર પર આવી ચુક્યા છે. ઈડીએ મની લૉન્ડ્રિંગ કેસમાં ગત વર્ષે મેમાં આપ સરકારમાં મંત્રી રહેલા સત્યેન્દ્ર જૈનની ધરપકડ કરી હતી. જોકે, હજુ તે બીમારીને કારણે સુપીમ કોર્ટમાંથી વચગાળાના જામીન પર છે.

## મહારાષ્ટ્રનાં રાજકારણમાં પુર્ન: ઉથલપાથલ : અજીતપવાર આડા ફાટયા

મુંબઈ તા. ૪

મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એક વખત રાજકીય સંકટનાં સંકેત છે. રાજયમાં પહેલા શિવસેના તથા બાદમાં એનસીપીમાં ભંગાણ પડાવીને ખીચડી સરકાર ચલાવી રહેલા ભાજપથી એનસીપીનાં બાગી નેતા તથા નાયબ મુખ્યમંત્રી અજીત પવાર નારાજ થઈને કેબીનેટ બેઠકમાં ગેરહાજર રહ્યા હતા તો બીજી તરફ મુખ્યમંત્રી એકનાથ શિંદે તથા નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ અચાનક જ એક સાથે દિલ્હી જવા રવાના થયા છે. હવે ભાજપ મોવડી મંડળ મહારાષ્ટ્ર અંગે કોઈ નિર્ણય લે તેવી ધારણા છે. રાજયમાં શિંદે સરકારમાં જોડાયા બાદ પણ એનસીપીનાં બાગી નેતા અજીત પવારે સંકેત આપ્યા હતા કે તેઓ ૨૦૨૪ પૂર્વે મુખ્યમંત્રી બનવા માંગે છે અને હાલમાં મુસ્લીમ અનામતનો મુદ્દો છેડીને અજીત પવારે ભાજપ તથા શિવસેનાના બાગી જુથને ભડકાવી દીધા છે. હવે કેબીનેટ બેઠકમાં તેમની ગેરહાજરી ચર્ચાનો વિષય બન્યો છે.

## યુપીમાં પણ જાતિ આધારીત વસ્તી ગણતરી કરાવવાની સપા-બસપાની માંગણી

લખનૌ તા. ૪

બિહારમાં જાતિ ગણતરીના આંકડા જાહેર થયા બાદ ઉત્તર પ્રદેશમાં પણ રાજકીય ગતિવિધિઓ તેજ થઈ ગઈ છે.સમાજવાદી પાર્ટીની સાથે બસપા સુપ્રીમો માયાવતીએ પણ યુપીમાં જાતિ આધારીત વસ્તી ગણતરી કરાવવાની માંગણી કરી છે. ખાસ વાત એ છે કે એનડીએના સહયોગી સુભાસ્પા, નિષાદ પાર્ટી અને અપના દળના નેતાઓએ પણ સરકાર પાસે જાતિ ગણતરી કરાવવાની માંગણી કરી છે. લોકસભા ચૂંટણી પહેલા દેશમાં જાતિ ગણતરી એક મોટો મુદ્દો બની રહ્યો છે. બિહારમાં નીતીશ સરકાર દ્વારા આંકડા જાહેર કર્યા બાદ હવે આ મામલો ઉત્તર પ્રદેશ સુધી પહોંચી ગયો છે. વિપક્ષી દળોની સાથે સાથે સરકારના સહયોગી દળોએ પણ આ માંગનો પુનરોચ્ચાર કર્યો છે. બીજી તરફ કોંગ્રેસ અને રાષ્ટ્રીય લોકદળ પણ જાતિ ગણતરી કરાવવાની સતત માંગ કરી રહ્યા છે.


**શોરૂમ લાયક વેચાવ છે / વેચવાની છે**

એમ.જી. રોડ, દિપમંદિર કોમ્પ્લેક્ષ, ૨૨૫ સ્કવેર ફુટ જગ્યા વેચાવ છે
તેમજ અભિષેક કોમ્પ્લેક્ષ, બીજા માળે, બે શટરવાળી દુકાન ૧૬૦ ફુટ જગ્યા વેચવાની છે.
તેમજ વણઝારી ચોક પાસે નાની દુકાન ખૂબજ વ્યાજબી ભાવમાં વેચવાની છે.
સંપર્ક : મો. ૯૯૦૯૫ ૬૮૦૬૮

**સી.સી. પડદાવાળા**

PRODUCTS
● મોડયુલર કિચન ● બેડ વીથ સાઈડટેબલ ● ટી.વી. યુનિટ ● સોફાસેટ ● સેન્ટર ટેબલ ● ક્રોસીંગ યુનિટ
● ડાઈનીંગ ટેબલ ● મેઈનડોર ● મંદિર વર્ક ● બાથરૂમ એસેસરીઝ ● વોલપેપર ● કાર્ટન ● મેટ્રસ

તળાવ ગેટ, રેલ્વે ક્રોસીંગ પાસે, પહેલા માળે,, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧
મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫

**ઉધઈથી બચો..**

૧૦ વર્ષની ગેરંટી સાથે આપના બંગલા, દુકાન, ટેનામેન્ટ, મકાન, ઓફિસમાં ઈન્જેકશન દ્વારા ઉધઈ ટ્રીટમેન્ટ કરી આપીશું.
સચિનભાઈ
મો. ૯૮૨૫૯ ૭૬૨૫૧

**તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત**
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

**સ્ટાફ જોઈએ છે** SWARAJ
અનુભવી / બિન અનુભવી
સેલ્સમેન ● હેડ મેકેનીક ● હેલ્પર
જુનાગઢ, વિસાવદર, ભેસાણ, મેંદરડા
અનુભવીને પ્રથમ અગ્રતા આપવામાં આવશે.
મો. ૭૮૭૪૪ ૪૭૨૭૪
શ્રી યમુના ટ્રેકટર્સ
લક્ષ્મી પેટ્રોલ પંપની સામે, સરગવાડા બસ સ્ટેશનની બાજુમાં, રાજકોટ રોડ, જુનાગઢ.

**જમીન, મકાન, દુકાન લે-વેચ માટે મળો**


અક્ષર સુવર્ણભૂમિમાં બ્લોક નં. ૧૨૦૨ વેચવાનો છે. ૩૧૦૦ કાર્પેટ એરીયા, 4BHK તથા દાસારામ પ્રાઈમમાં ૩/૪ માં ગ્રાઉન્ડ ફલોરમાં ૧૨૫૦નાં ૨ ગાળા વેચવાના છે.
તેમજ કોમર્શીયલ તથા મિલ્કત ભાડે ચડેલી મિલ્કત લેવી હોય તો મળશે.
મયંક એસ્ટેટ
રસીકભાઈ પટેલ
મો. ૯૪૨૭૩ ૭૭૯૧૭

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
**હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ**
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન
ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જૂના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪, મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ: હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

**HOPE**
DIABETES CLINIC AND RESEARCH CENTRE
ડો. દિપક ચુડાસમા — MBBS, PGDM, PhD Scholar — કન્સલટન્ટ ડાયાબીટોલોજીસ્ટ
ડાયાબીટીસ કલીનીક
ડો. નિશિતા ચુડાસમા — BPT, MPT ortho, PhD Scholar — કન્સલટન્ટ ફીઝીયોથેરાપીસ્ટ
હોસ્પિટલમાં ઉપલબ્ધ સારવાર.
✓ ડાયાબિટીસની સંપૂર્ણ સારવાર.
✓ ડાયાબિટીસમાં થતાં આંખ, કિડની અને હૃદયના દર્દના નિષ્ણાંત.
✓ ડાયાબિટીસથી થતા હાથ-પગના દુઃખાવાના નિષ્ણાંત.
✓ ડાયાબિટીસ સાથે બલડ પ્રેશર, કોલેસ્ટેરોલ અને થાઈરોઈડની સારવાર.
ફિઝીયોથેરાપીસ્ટ ફેસેલીટીઝ...
● પગ મચકોડાઈ જવો ● ફ્રેકચર ● ગરદનનો દુઃખાવો ● લકવો ● કમરનો દુઃખાવો ● સાંધાનો ઘસારો ● ફ્રોઝમ શોલ્ડર ● ચેતાતંતુને લગતી તકલીફ ● પોસ્ટ ઓપ T.K.R., T.H.R. ● સ્નાયુનો દુઃખાવો ● રમતમાં થતી ઈજા
રજીસ્ટ્રેશન નંબર ૭૦૪૬ ૨૨ ૦૦ ૪૪
બીજો માળ, એપલવુડ, વિશાલા હોટલ પાસે, બસ સ્ટેશનનાં બીજા ગેઈટ સામે, જૂનાગઢ
હોસ્પીટલ દ્વારા દર મહિનાનાં બીજા રવિવારે રાહત દરે ડાયાબીટીસ પ્રોફાઈલ - ફુલ બોડી ચેકઅપ કેમ્પનું આયોજન કરે છે. જેમાં કુલ ૩૦૦૦નાં રીપોર્ટ માત્ર ૮૦૦માં કરી દેવામાં આવે છે
કેમ્પ સમય સવારે ૮.૩૦ થી ૧૧.૩૦

# વિખ્યાત યાત્રાધામ બેટ-દ્વારકા જવા માટે ઓખા પેસેન્જર જેટીએ ગાંધી જયંતીના દિવસે સફાઈ, શિસ્ત અને સુરક્ષાના લીરા ઉડતા જોવા મળ્યા !



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૪

દેવભૂમિ દ્વારકા એટલે એક અનોખું ધાર્મિક સ્થળ ઉપરાંત એક વિશેષ પર્યટન સ્થળ. છેલ્લા બે-ત્રણ વર્ષથી અહીં ગુજરાત અને ભારતભરમાંથી વર્ષ દરમ્યાન લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ, યાત્રિકો, પ્રવાસીઓ અને પર્યટકો ખૂબ ઉત્સાહ, ઉમંગ અને ધાર્મિકતા સાથે આવી રહ્યા છે. ખાસ કરીને દ્વારકાધીશનું જગત મંદિર,નાગેશ્વર જ્યોતિર્લિંગ, શિવરાજપુર બ્લુ ફ્લેગ બીચ, ભગવાન દ્વારકાધીશનો રાણીવાસ એટલે કે બેટ-દ્વારકા જેવા સ્થળો આજે ભારતભરમાં પ્રખ્યાતી પામ્યા છે. તહેવારો અને રજાઓના દિવસોમાં ઉપરોક્ત સ્થળોની મુલાકાત લેવાનું ગુજરાતીઓ અને ભારતીયો ખાસ આગ્રહ રાખે છે. ગુજરાત સરકારનો પ્રવાસન વિભાગ અને પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ યાત્રિકોને આકર્ષવામાં સફળ થયા છે. આ ઉપરાંત રાજ્ય સરકારની મહેનત પણ પ્રવાસીઓને દેવભૂમિ દ્વારકામાં આવવા માટે સફળ યોજનાઓ બનાવી છે. પરંતુ ખાટલે મોટી ખોટ એ છે કે સ્થાનિક તંત્રનાં જવાબદાર લોકો પોતાન ફરજ બજાવવા?મા વર્ષો થી વામણા સાબિત થઈ રહ્યા છે. ગાંધી જયંતી નિમિતે ગઈકાલે ભારત અને ગુજરાતમાં ગાંધીજીના જીવનના મૂલ્યો એટલે કે સફાઈ અને શિસ્ત આ બંને ઉપર ઘણા બધા કાર્યક્રમો યોજાઈ ગયા હતા. નેતાઓ અને અધિકારીઓ સાવરણા લઈને સફાઈ કરતા અખબારો અને મીડિયાઓમાં જોવા મળ્યા પરંતુ યાત્રાધામ બેટ-દ્વારકા જવા માટે ઓખાની પેસેન્જર જેટીએ ગંદકી, કચરાનાં ઢગલા, ને એન્ડ યુઝ શૌચાલય માં માથું ફાડી નાખે તેવી દુર્ગંધ ઉપરાંત અનેક પ્રકારની અરાજકતા જોવા મળી. ઓખાથી બેટ-દવારકા બોટ દ્વારા જવાય છે તે પેસેન્જર જેટી એ આખા દિવસમા હજારોની સંખ્યામાં લોકોની અવર-જવર હોય છે તે મહત્વનાં સ્થળે ખૂબ મોટા પ્રમાણમાં ગંદકી કચરો અને કોઈ પણ જાતની નીતિ નિયમોનું પાલન થતું હોય તે બાબત અતિ ગંભીર કહી શકાય. વળી, ઓખા જેવા સંવેદનશીલ વિસ્તારમાં જયારે બહારથી હજારોની સંખ્યામાં લોકો આવતા હોય ત્યાં સુરક્ષાની દ્રષ્ટિએ જવાબદાર તંત્ર એ એલર્ટ રહેવું જરૂરી હોવા છતાં ઓખા પેસેન્જર જેટીએ કોઈપણ સુરક્ષા ના ઈન્તજામો જોવા મળેલ નથી. ઓખાની આસપાસના સમુદ્રમાં માદકદ્રવ્યો,હથિયારો અને વિદેશી બોટો પકડાયાના અનેક બનાવો બન્યા છે ત્યારે ઓખા અને આસપાસ નો સમુદ્ર તેમજ સમુદ્રકાંઠો સંવેદનશીલ કહી શકાય. સુરક્ષાની દ્રષ્ટીએ અતિ મહત્વની ઓખા અને બેટ-દ્વારકાની પેસેન્જર જેટીએ સુરક્ષા માં ચૂક ભવિષ્ય માટે ખતરો બની શકે છે. તદુપરાંત ઓખા પેસેન્જર જેટીએથી જે બોટો બેટ-દ્વારકા જાય છે તેમાં ઓવરલોડ કેપેસિટીમા મુસાફરો ને ઘેટાં બકરાની જેમ ભરાય છે,લાઈફ જેકેટ વિના મુસાફરોની હેરાફેરી કરાય છે, મુસાફરો સાથે ગેરવર્તણ ઉપરાંત કોઈ પણ જાતના નીતિ નિયમો કે શિસ્તનું અહીં નામો નિશાન જોવા મળતું નથી. ખાસ કરીને શૌચાલય અતિ દુર્ગંધ મારતું જોવા મળે છે ! શૌચાલયની પાસેથી નીકળવું પણ મુસાફરો માટે વિકટ ભરી પરિસ્થિતિ હોય છે. જેટી ની આગળ પાથરણા વાળા, રેડીઓ,કેબીનોએ ઘણી જગ્યાઓ રોકી લીધી હોવાથી મુસાફરોને આવવા જવા માટે પણ તકલીફ થાય છે. જેટી ઉપર ગેરકાયદેસર રીતે વાહનોના ખડકલા પણ જોવા મળી રહ્યા છે. બંને જેટીએ પીવાનું પાણી ઉપલબ્ધ નથી.

આમ એકંદરે જોઈએ તો ગુજરાત મેરીટાઈમ બોર્ડ સંચાલિત સર્વિસ ની ઓખાની પેસેન્જર જેટલી કોઈપણ જાતની સફાઈ નથી થતી પીવાના પાણીની કોઈ વ્યવસ્થા નથી.

આમ, ગાંધીજીનાં દિવસે ગાંધીજીના જીવન મૂલ્યો એટલે કે સ્વછતા શિસ્ત ઉપરાંત સુરક્ષાનાં ખુલે આમ લીરા ઉડતા જોવા મલ્યા. હાલ, હજુ તહેવારોની શરુઆત પણ થઈ નથી ત્યાં ટ્રાફિક ખુબ છે ત્યારે હવે દિવાળી અને વેકેશનમાં શું હાલત થશે તે વિચારીને સ્થાનિક તંત્ર યોગ્ય વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરાવે તે સમયની માંગ કહી? શકાય. હવે જોવાનું એ રહેશે કે?? સરકારનાં જવાબદાર ઉચ્ચ અધિકારીઓ સ્થાનિક તંત્ર ને સુધારશે કે આ લાલિયાવાળી આમ ને આમ ચાલશે ?

### તા.૪ ઓક્ટોબર વિશ્વ પ્રાણી દિવસ

## આજી ડેમ ખાતે આવેલ જુના ઝુને અલગથી જ ''એશિયાઇ સિંહ સંવર્ધન અને ઉછેર કેન્દ્ર'' તરીકે વિકસાવાયું અત્યાર સુધી ૫૦ સિંહબાળનો થયો છે જન્મ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૪

રાજય સરકારના વન વિભાગ દ્વારા તા.૨ થી ૮ ઓકટોબર સુધી વન્ય જીવન સપ્તાહની ઉજવણી થઇ રહી છે. સમગ્ર વિશ્વમાં એશિયાઈ સિંહનું એક માત્ર મુખ્ય રહેણાંક ગુજરાતનું 'ગિર' છે, જયાં છેલ્લી વસતી ગણતરી મુજબ સિંહોની સંખ્યામાં ૨૯ ટકાનો વધારો થયો છે. ગિરના લોકોએ સિંહને તેમના જીવનનો ભાગ ગણી લીધો છે. એટલે જ સરકાર અને લોકો દ્વારા વન્યજીવોના અમૂલ્ય વારસાનું જતન, સંવર્ધન અને રક્ષણ થઈ રહયુ છે. સિંહ ઉપરાંત ગીધની વિવિધ પ્રજાતિઓની સંખ્યામાં અભૂતપૂર્વ વધારો થયો છે. તો વરુના સંવર્ધન માટે બનાસકાંઠા ખાતે 'વરૂ સોફ્ટ રિલીઝ સેન્ટર'નો વિકાસ થયો છે. રાજકોટ ખાતે પ્રદ્યુમ્ન પાર્ક ખાતે ઝૂ બનાવવામાં આવતાં, આજી ડેમ ખાતે અગાઉ કાર્યરત ઝૂ બંધ કરીને તેને ''એશિયાઈ સિંહ સંવર્ધન અને ઉછેર કેન્દ્ર'' તરીકે વિકસાવાયુ છે, જેને સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી, ન્યુ દિલ્હી દ્વારા એશિયાઈ સિંહના સંવર્ધન અને ઉછેર માટેની માન્યતા પણ મળી છે. રાજકોટ ઝૂમાં અત્યાર સુધીમાં ૫૦ સિંહબાળનો જન્મ થયો છે. તેમ પ્રદ્યુમ્ન પ્રાણી ઉદ્યાનના સુપ્રીટેન્ડન્ટ ડો.હિરપરાએ જણાવ્યું હતું. આ સમગ્ર સંવર્ધન અને ઉછેર માટેનો પ્રોગ્રામ ખુબ જ વૈજ્ઞાનિક રીતે કરવામાં આવે છે, જે અંતર્ગત બંધનાવસ્થામાં જનીનિક દ્રષ્ટિએ તંદુરસ્ત એવા એશીયાઈ સિંહો વચ્ચે મેટીંગ કરાવી તેમની વસ્તીને વધારવા માટેના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી, ન્યુ દિલ્હીના ધારાધોરણ મુજબ વન્ય પ્રાણી વિનિમય દ્વારા રાજકોટ ઝૂ ખાતેથી હૈદરાબાદ ઝૂ, છતબીર ઝૂ, પંજાબ, લખનઉ ઝૂ, મૈસુર ઝૂ, ભિલાઇ ઝૂ, પંજાબ ઝૂ, લખનઉ ઝૂ, મૈસુર ઝૂ, છતીસગઢ ઝુ, કાંકરીયા ઝૂ. અમદાવાદ ઝુ, સક્કરબાગ ઝૂ, જુનાગઢ વિગેરે અલગ અલગ ઝૂ ખાતે સિંહ આપી અન્ય વન્યપ્રાણી-પક્ષીઓ મેળવી ઝુનો વિકાસ કરવામાં આવે છે.

## ખંભાળિયા સહિત હાલાર પંથકમાં થયેલી અડધો ડઝન જેટલી ચોરી પ્રકરણનો ભેદ ઉકેલાયો

(કુંજન રાડીયા દ્વારા)

ખંભાળીયા તા.૪

ખંભાળિયા, દ્વારકા તથા જામનગર વિસ્તારમાંથી છેલ્લા કેટલાક સમયગાળા દરમિયાન વાહન ચોરી તેમજ કોપર વાયર ચોરીના બનાવ બનવા પામ્યા હતા. આ સંદર્ભે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ સ્થાનિક ગુનાશોધક શાખાની પોલીસ દ્વારા વિવિધ દિશાઓમાં તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હતા.

જેના અનુસંધાને એલ.સી.બી. વિભાગના પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ સ્ટાફ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં એલ.સી.બી.સ્ટાફને મળેલી ચોક્કસ બાતમીના આધારે ખંભાળિયા તાલુકાના પીર લાખાસર ગામેથી આ જ ગામના સંધી નવાઝ જુમા દેથા અને જામનગર જિલ્લાના લાલપુર તાલુકા નજીકના પડાણા પાટીયા ખાતે રહેતા કાસમ રતા ભારવાડીયા નામના બે શખ્સોને દબોચી લઈ, તેની આગવી ઢબે પૂછપરછ કરતા તેઓ દ્વારા કરવામાં આવેલી વિવિધ ચોરીની તેઓએ કબુલાત આપી હતી. આ શખ્સો દ્વારા ખંભાળિયામાંથી મોટરસાયકલ, દ્વારકા પંથકમાંથી કોપર કેબલ વાયર તેમજ જામનગરમાંથી પણ આ જ પ્રમાણે વિવિધ ચોરીઓ કરી હોવાની કબુલાત પોલીસ સમક્ષ આપી હતી.



આ રીઢા તસ્કરો પાસેથી રૂપિયા ૩૦,૦૦૦ ની કિંમતના જુદા જુદા બે મોટરસાયકલ, રૂપિયા ૪૫,૦૦૦ જેટલી કિંમતના કોપર વાયર, ચોરી માટે ઉપયોગમાં લીધેલું રૂપિયા ૨૫,૦૦૦ ની કિંમતનું સ્ટનર બાઈક, સહિત કુલ રૂપિયા ૧,૦૧,૭૪૪ નો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો છે.

આ પ્રકરણમાં વધુ એક આરોપી સલીમ આદમ સુંભણીયા (રહે. સલાયા) કે જેની અટકાયત કરવાની બાકી છે, તેની સાથે આરોપી નવાઝ સંધિ અહીંના નવાપરા વિસ્તારમાંથી ચોરેલા મોટરસાયકલ તેમજ આ ત્રણ આરોપીઓએ ખંભાળિયા તાલુકાના મહાદેવીયા ગામેથી તેમજ દ્વારકા તાલુકાના વાંચ્છું નજીકથી ઉપરાંત લાલપુર તાલુકામાંથી કોપર વાયર ચોરી કરી હોવાની કબુલાત પોલીસ સમક્ષ આપી હતી.

## ખંભાળિયાના પછાત વિસ્તારની મુલાકાત લેતા ભાજપના આગેવાનો



(કુંજન રાડીયા દ્વારા)

ખંભાળીયા તા.૪

ખંભાળિયા શહેરમાં સેવા પખવાડિયાની ઉજવણીના ભાગરૂપે હાથ ધરવામાં આવેલા દલિત વસ્તી સંપર્ક અભિયાન અંતર્ગત અહીંના શક્તિનગર વિસ્તારમાં આવેલા શીરુ તળાવ ખાતે ભારતીય જનતા પાર્ટીના આગેવાનો, હોદેદારોએ ખાસ મુલાકાત લીધી હતી. અહીં રહેતા લોકોને કેન્દ્ર તથા રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવીના માર્ગદર્શન હેઠળ જિલ્લા અનુસૂચિત જાતિના મોરચાના કાર્યકરોએ આ વિસ્તારની લીધેલી મુલાકાતમાં અનુસૂચિત સમાજના ૩૫ પરિવારને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મળેલા લાભોથી લોકોએ સંતોષની લાગણી વ્યક્ત કરી અને અહીં આવેલા આગેવાનોનું ફુલહાર વડે સન્માન કર્યું હતું અને પાર્ટીની આ સેવા પ્રવૃત્તિ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## ખંભાળિયા પાલિકાના મહિલા સફાઈ કામદારનું મોત : પાલિકા સામે કામદારોમાં રોષ

(કુંજન રાડીયા દ્વારા)

ખંભાળીયા તા.૪

ખંભાળિયા નગરપાલિકામાં વર્ષોથી સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા વિધવા મહિલા સફાઈ કામદાર લલીતાબેન છગનભાઈ થોડા સમય પૂર્વે અચાનક ગંભીર રીતે બીમાર થયા બાદ તેણીનું બીમારીગ્રસ્ત હાલતમાં મૃત્યુ નીપજ્યું હતું.

આ વચ્ચે ગત તારીખ ૨૦ મી સપ્ટેમ્બરના રોજ તેમના દ્વારા પોતાની ગંભીર બીમારીના ઈલાજ માટે પોતાના પી.એફ. એકાઉન્ટમાંથી ખાસ કિસ્સા તરીકે રૂપિયા એક લાખની લોનની માંગણી કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. આ લોનની રકમ નગરપાલિકા દ્વારા સમયસર ચૂકવવામાં ન આવતા પાલિકાની આ ઘોર બેદરકારી અને નાણાકીય ભીડ વચ્ચે લલિતાબેનનું તારીખ ૨૮ સપ્ટેમ્બરના રોજ અવસાન થયું હોવાનું કહેવાય છે. ઉપરોક્ત બાબતે ગુજરાત સફાઈ કામદાર મહાસંઘના પ્રદેશ મહામંત્રી રમેશ વાઘેલાએ એક પત્રમાં જણાવ્યું છે કે નગરપાલિકાની આ બેદરકારીના કારણે મહિલા સફાઈ કામદારનું મૃત્યુ થતાં સફાઈ કામદારોમાં વ્યાપક રોષ વ્યાપેલ છે. નગરપાલિકા દ્વારા કરવામાં આવેલી આ ઉપેક્ષાના કારણે મહિલા સફાઈ કામદારના મોતના મામલે "ગુજરાત સફાઈ કામદાર મહામંડળ" દ્વારા રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ અને રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગને ફરિયાદ કરવાની તજવીજ પણ હાથ ધરવામાં આવી છે.


**ફલેટ વેચવાનો છે**

જૂનાગઢનાં માઢસ્ટ્રીટમાં આવેલ 'માયનેસ્ટ' ઈ-એપાર્ટમેન્ટમાં ત્રીજો માળ બ્લોક નં. ૩૦૨ બ્લોક વેંચવાનો છે

: કોન્ટેક :

મો. ૯૯૨૪૯ ૬૭૩૪૧

મો. ૭૮૭૪૦ ૮૪૬૦૭

**નાઈટમાં મેનેજર જોઈએ છે**

હોટલ લાઈનનાં અનુભવી મેનેજર જોઈએ છે.

**હોટેલ સોમનાથ**

રેલ્વે સ્ટેશન રોડ, જૂનાગઢ.

મળો સવારે ૧૦ થી ૧૨

**મોબાઈલ... મોબાઈલ..**

પ્રી-પેઈડ કાર્ડ, પોસ્ટપેઈડ કનેકશન, રીચાર્જ કુપન તેમજ દરેક કંપનીનાં મોબાઈલ, બેટરી, ચાર્જર, કવર વગેરે એસેસરીઝ માટે

**શ્રી જલારામ ટેલીકોમ**

વણઝારી ચોક, જૂનાગઢ

મો. ૯૮૨૫૪ ૬૧૧૦૦

**પંચહાટડી ચોક માંગનાથ રોડ**

વિસ્તારમાં ગ્રાઉન્ડ ફ્લોરમાં ૪૫૦ ચોરસફુટ દરેક ધંધાને માટે યોગ્ય દુકાન વેંચવાની છે ભાવ ૧૫૦૦૦/ રૂા. ચોરસફુટ

:: કોન્ટેક ::

મો. ૯૪૨૯૪ ૨૬૩૧૨

વૈદ્ય. મુકેશ આર. વારસુર

Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.

95869 60167

**ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર**

હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર

વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...

સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી

આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે

**સૌરાષ્ટ્ર ભૂમિ** દૈનિક

• ટચૂકડી જાહેર ખબર •

જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે

**રાજ ડાયનીંગ હોલ**

સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી


જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.

દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.

**રાજ ડાયનીંગ હોલ**

કાળવા ચોક, જૂનાગઢ.

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો**



**ધીરૂભાઈ જે. સોની**

નવો નંબર નોંધી લેશો

મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩

વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩

કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

**દિપક ફટાકડા સેન્ટર**

લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે

**દિપક ફટાકડા સેન્ટર**

C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.

ફોન: ૨૬૫૨૬૧૨

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦

મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦

પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦

''સ્વાદનો એવો જાદુ જાવે, વારંવાર મન લલચાવે''

**: સુભાષ :**

**પાણીપુરી**

એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ

સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ

એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે

**જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર**

વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

**ન્યુ બોમ્બે ઈલે.**

દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.

મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૦ વર્ષથી પ્રખ્યાત નામ

**વિજય ઘી ડીપો**

શ્રાવણ માસ નિમિત્તે ગેરંટી સાથે ભેંસનું તથા ગાયનું ૧૦૦ ટકા શુધ્ધ ઘી મળશે

**વિજય ઘી ડીપો**

ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ

આથી ગ્રાહકજનોને અમારા નવા મોબાઈલ નંબર નોંધી લેશો

મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

**માણસો જોઈએ છે**

બેકરી શો રૂમમાં કામ કરી શકે તેવા માણસોની જરૂર છે

**વંદના બેકરી**

તળાવ સ્ટ્રીટ


મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨




**નારાયણ બેકરી**

સુખનાથ ચોક જૂનાગઢ

મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

# જૂનાગઢ ઉપરકોટમાં પ્રવાસીઓ માટે જીલ્લા વહીવટી તંત્ર દ્વારા સુરક્ષાત્મક અને સહુલીતભર્યા લેવાયા પગલા



- પ્રવેશ દ્વારે પ્રવાસીનાં પ્રવેશને સલામત કરવા જીકજેક રેલીંગ અને વાહનો માટે બુમબેરીયર તૈનાત
- ઉપરકોટમાં પ્રવાસીઓ પ્લાસ્ટીકને સાથે લઇ ના જાય તેવો સહકાર આપવા અપીલ
- ભારે વાહનો માટે ગોધાવાવની પાટીમાં પાર્કીંગની વ્યવસ્થા
- આવશ્યકતા મુજબ ગિરનાર રોડ અને જગમાલ ચોકથી ઉપરકોટમાં પ્રવેશ માર્ગો એકમાર્ગિય થશે જાહેર



જૂનાગઢ, તા.૪

ઉંચો ગઢ ગિરનાર, વાદળથી વાતું કરે" ગરવા ગઢ ગિરનારની વાત જ કાઈ નિરાળી છે, સાથે જ અહી આવેલો પ્રાચીન ઉપરકોટ કિલ્લો તેની પ્રાચીન ભવ્યતાની સાક્ષી પૂરે છે, આ પ્રાચીન વિરાસતને જાળવી રાખવા ઉપરકોટ કિલ્લાનું રિસ્ટોરેશન કાર્ય સંપન્ન થતાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે લોકો આ પ્રવાસન સ્થળનો ઈતિહાસ જાણી-માણી શકે અને ગરવા ગીરનારની તિર્થભુમિનો આસ્વાદ મેળવી શકે તે માટે ઉપરકોટને પુનઃ નવા રૂપરંગ સાથે લોકાર્પિત કર્યો છે. ત્યારે ઉપરકોટની નજાકતને જાણવા અને માણવા પ્રવાસઓમાં અનેરી ઉત્કંઠા પણ રહી છે. ઉપરકોટની રિસ્ટોરેશનની કામગીરી સંપન્ન થતાં હવે ઈતિહાસ જાણે વર્તમાનમાં ડોકીયુ કરતો હોય તેવો ઉપરકોટનો નજારો પ્રવાસઓને ખુબ આકર્ષિ રહ્યો છે.

ત્રીજી ઓક્ટોબરથી પ્રવાસન નિગમ લીમિટેડ અને સવાણી ગ્રુપ દ્વારા જૂનાગઢવાસીઓ માટે ઊપરકોટમાં પ્રવેશ ફી રૂા. ૫૦/- જ્યારે બાળકો માટે રૂા. ૨૫/- નિર્ધારીત કરી છે. અત્યાર સુધી પ્રવાસઓનો ઘણો સારો પ્રતિસાદ જોવા મળ્યો છે. ઉપરકોટ પ્રવેશ દ્વારે કિલ્લાને ખુલ્લો મુકાયા બાદ અત્યાર સુધીમાં ૪૭ હજાર જેટલા મુલકાતીઓ નોંધાયા છે. આજથી હવે પ્રવેશ ફી સાથે પ્રવેશ આપવામાં આવનાર છે, તો વ્યવસ્થાનાં ભાગ રૂપે જિલ્લા વહિવટી તંત્રનાં વડા કલેકટરશ્રી અનિલ રાણાવસીયાનાં સીધા માર્ગદર્શન તળે વહીવટી તંત્ર દ્વારા સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. જેમાં ઉપરકોટના પ્રવેશ દ્વારે જીકજેક રેલીંગ રાખવામાં આવશે, જેમાં ૨૫૦ થી ૩૦૦ લોકો એક પોઈન્ટ પર પ્રવેશ મેળવી શકશે. સાથે વાહનોનાં ટ્રાફીકને નિયમન કરવા બુમબેરીયર મુકવામાં આવનાર છે. અને ઊપરકોટનાં પ્રવેશ સિવાય બહાર નિકળવાની અલાયદી વ્યવસ્થા કરવા સવાણી ગ્રુપ, પ્રવાસન નિગમ લીમિટેડ સાથે સંકલન કરીને કરવામાં આવનાર છે. લોકોની સુવિધાઓ અને સલામતિને ધ્યાનમાં રાખીને એક અલગથી ગોધાવાવની પાટી, ગિરનાર દરવાજા પાસે પાર્કીંગની સુવિધા ઊભી થનાર છે. જ્યાં બસ, અને મોટા વાહનો પાર્ક કરવાની સુવિધા ઊભી કરાશે. વધારે ભીડ જણાયે ઉપરોકટમાં જવાનાં મુખ્ય બે માર્ગો જેમ કે જગમાલચોકથી ઉપરકોટ અને ગિરનાર દરવાજાથી ઉપકોટ બેઉ માર્ગોને ટ્રાફીકનાં ધસારાને ધ્યાને લઈને એક માર્ગિય જાહેર કરવાનું જિલ્લા વહીવટી તંત્રની તૈયારી છે. આમ પ્રવાસીઓની સવલતોને કલેકટર અનિલ રાણાવસીયાના માર્ગદર્શન તળે વહીવટી તંત્રનાં પ્રાંત અધિકારી ભુમિબેન કેશવાલા અને તંત્રનાં અધિકારીઓ મોનીટરીંગ કરી રહ્યા છે. સાથે તંત્ર દ્વારા પર્યટનાર્થે જૂનાગઢનાં પ્રવાસે પધારતા પ્રવાસીઓ અને ઉપરોકોટને નિહાળવા પધારતા પ્રવાસીઓને અપીલ કરવામાં આવી છે કે પ્રવાસન સ્થળોએ પ્રવાસીઓએ પ્લાસ્ટીકનો શક્ય હોય ત્યાં સુધી ઉપયોગ ના કરવો તેમ પ્રાંત અધિકારીની યાદીમાં જણાવાયુ છે.

## જૂનાગઢ જીલ્લામાં દરિયા તટે વહાણવટુ કરતા માછીમાર ભાઈઓએ આઠ મુદ્દામાં તેમની વિગતો રજૂ કરવાની રહેશે

જૂનાગઢ, તા. ૪

જૂનાગઢ જિલ્લાના ચોરવાડ, માંગરોળ મરીન, શીલ ખાતેથી વહાણ/બોટો દરિયામાં માચ્છીમારી માટે જાય છે. અને મોટાભાગની વસ્તી માછીમારીના ધંધા સાથે સંકળાયેલ છે. ત્યારે અગાઉના બનાવોને ધ્યાને રાખી રાષ્ટ્રીય સલામતીને સ્પર્શથી બાબતોને વિચારીને વહાણ ગુમ થવા સંબધે વહાણના માલિક દ્વારા કોઈ સરકારી એજન્સી અધિકારી સમક્ષ વહાણ ગુમ થયાની જાહેરાત ન થાય તે બાબતે સખત વાંધાજનક બાબતો ધ્યાને આવી છે. જે સમયગાળા દરમિયાન વહાણ ગુમ રહ્યું હોય તે સમયે ગાળા દરમ્યાન વહાણ કે વહાણના ક્રૂ મેમ્બરોનો રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિમાં ઉપયોગ થયો હોય તે બાબત નકારી શકાય નહીં. આવી ઘટનાઓ અટકી શકે તે માટે સમગ્ર જૂનાગઢ જિલ્લામાં આવેલ વહાણ/બોટ માલિકે ત્યારે પોતાનું વહાણ/બોટ વાતાવરણીય કારણોસર/ ચાંચીયાઓ દ્વારા અપહરણ થવાના સમાચાર કે અન્ય કોઈ પણ કારણોસર વહાણ/બોટ ગુમ થાય કે બોટ/વહાણ સાથેનો તેનો માલિક નો સંપર્ક નિશ્ચિત સમયગાળા બાદ થયો ન હોય તો તે બાબતોને જાણ સંબંધિત સરકારની તમામ સરકારી એજન્સીને ફરજિયાત કરવી તે બાબતનું જાહેરનામું પ્રસિદ્ધ કરવા જિલ્લા પોલીસ અધિક્ષક દરખાસ્ત કરેલ હોય તે મુજબ બોટ/વહાણ દરિયામાં જાય ત્યારે સલામતી અને સુરક્ષા માટે તકેદારીના પગલાં લેવા આવશ્યક જણાતા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પી.જી.પટેલે તેમને મળેલી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ હેઠળ મળેલ સત્તાની રૂએ જૂનાગઢ જિલ્લાના વહાણ/બોટ માલિકોએ જ્યારે પોતાનું વહાણ/બોટ માચ્છીમારી માટે દરિયામાં જાય ત્યારે વાતાવરણીય કારણસર કે અપહરણ થવાના કારણસર કે અન્ય કોઈ કારણસર વહાણ બોટનો ગુમ થાય કે વહાણ/બોટ સાથેનો સંપર્ક નિશ્ચિત સમય માટે ન થતો હોય તો આઠ મુદ્દાના પત્રક સાથેની વિગતો બોટ માલિકોએ સરકારી એજન્સીને જાણ કરવાની રહેશે. જેમાં વહાણ બોટનું નામ, નંબર, વહાણ બોટ માલીકનું નામ સરનામુ, નંબર, વહાણ બોટમાં રહેલ ટંડેલ ખલાસીના નામ સરનામા, રવાના થયા તારીખ, પરત આવવાની સંભવીત તારીખ, અન્ય જરૂરી વિગતો સામેલ છે. આ જાહેરનામું પ્રસિદ્ધ થયાથી ૨૭ નવેમ્બર ૨૦૨૩ સુધી અમલમાં રહેશે.

## મુંબઈમાં યોજાએલ નેશનલ જવેલરી એવોર્ડ્સમાં જૂનાગઢની બારીકી બ્રાન્ડનું પ્રભુત્વ, નવ કેટેગરીમાં નોમિનેશન મેળવ્યા : ત્રણ નેશનલ જ્વેલરી એવોર્ડ્સ



જૂનાગઢ, તા.૪

જ્વેલરી ઉદ્યોગમાં પ્રખ્યાત નટુભાઈ ચોકસીનાં સી.વી.એમ ગ્રૂપની અગ્રણી કંપની, જૂનાગઢ જવેલરી પ્રાઈવેટ લિમિટેડ, એ ત્રણ પ્રતિષ્ઠિત નેશનલ જ્વેલરી એવોર્ડ્સ પ્રાપ્ત કરીને રાષ્ટ્રીય ક્ષેત્રે જૂનાગઢનું ગૌરવ વધાર્યું હતું.

મુંબઈમાં યોજાતા નેશનલ જવેલરી એવોર્ડ્સ (એનજેએ)ની સ્થાપના ભારતીય જવેલરી ડિઝાઈનર્સ અને ઉત્પાદકોની પ્રતિભા, સર્જનાત્મકતા અને નવીનતાને ઓળખવા તેમ જ બિરદાવવા માટે કરવામાં આવી છે. આ પુરસ્કારો ઉદ્યોગમાં કલાત્મક કૌશલ્ય અને ઉત્કૃષ્ટ કારીગરીને પ્રદર્શિત કરવાના પ્લેટફોર્મ તરીકે કાર્ય કરે છે. જૂનાગઢ જવેલરી પ્રાઈવેટ લિમિટેડ કંપનીએ વિવિધ જ્વેલરી ડિઝાઈન કેટેગરીમાં નવ પ્રભાવશાળી પ્રોડકટ સાથે ફાઈનલમાં પ્રભુત્વ મેળવ્યું હતું અને કોયર જવેલરી ઓફ ધ યર, પોલ્કી, જડાઉ રિંગ ઓફ ધ યર તેમજ એસસેસરી ઓફ ધ યર એમ ત્રણ કેટેગરી માટે નેશનલ જવેલરી એવોર્ડ્સ જીત્યા હતાં.

નામાંકિત જવેલરી બ્રાન્ડનો હોલસેલ મેન્યુફેક્ચરિંગ અને એક્સપોર્ટ ક્ષેત્રે પાંચ દાયકાના અનુભવ સાથે પોતાની ડીઝાઈનર જવેલરીને વિશ્વ ફલકમાં આગવી ઓળખ અપાવીને દિપકભાઈ અને જુગલભાઈ ચોકસી પોતાની બારીકી બ્રાન્ડ નામ હેઠળ હાઈ-એન્ડ ડિઝાઈનર જવેલરી, રિયલ ડાયમંડ જવેલરી, ૨૨૧ એન્ટિક ગોલ્ડ જવેલરી અને રિયલ પોલ્કી જવેલરીની વ્યાપક શ્રેણીનું ઉત્પાદન તેમજ એકસપોર્ટ કરી રહી છે. જુગલભાઈ ચોકસીએ આભાર વ્યકત કરતા કહ્યું કે, "સમગ્ર સી.વી.એમ. ગ્રુપ તેમજ બારીકી બ્રાન્ડ જ્વેલરી ઉદ્યોગ દ્વારા તેમને આપવામાં આવેલ પુષ્કળ સમર્થન અને આશીર્વાદને સ્વીકારે છે. આ સમર્થન અને સખત મહેનત જ તેમની સફળતામાં નિમિત્ત બન્યા છે. આ સન્માન તેમને સર્જનાત્મકતા અને નવીનતાની સીમાઓને સતત આગળ વધારવા માટે પ્રેરિત કરે છે “ આ ઉપરાંત ભારતભરના ડિઝાઈનરોને તેમની કુશળતા અને પ્રતિભા પ્રદર્શિત કરવા માટે એક પ્લેટફોર્મ પૂરૂ પાડવા બદલ દિપક ચોકસીએ નેશનલ જ્વેલરી એવોર્ડ્સનું આયોજન કરવા બદલ વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ તેમજ ઓલ ઈન્ડિયા જેમ્સ એન્ડ જવેલરી ડોમેસ્ટિક કાઉન્સિલનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો તેમ રોહીત અપારનાથીની યાદીમાં જણાવેલ છે.

## અંધ કન્યા છાત્રાલય જૂનાગઢની પ્રજ્ઞાચક્ષુ બહેનોને અંધ તાલીમાર્થી દ્વારા રસોઈ શીખવાડવામાં આવી

### પ્રજ્ઞાચક્ષુ બહેનોમાં પણ રહેલી શક્તિઓને ઉજાગર કરતો દસ દિવસીય ટ્રેનિંગ પ્રોગ્રામ




જૂનાગઢ, તા.૪

જૂનાગઢમાં જવાહર રોડ ખાતે આવેલી પ્રજ્ઞાચક્ષુ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત અંધ કન્યા છાત્રાલય અને સત્યમ સેવા યુવક મંડળ દ્વારા દસ દિવસીય તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવેલ હતું. અંધ કન્યા છાત્રાલયમાં રહીને શૈક્ષણિક અભ્યાસ તેમજ કોમ્પ્યુટર, રસોઈ, સંગીતની તાલીમ લઈ સ્વતંત્ર પગભર થવા માટે હર હંમેશ સંસ્થાના પ્રયાસો રહ્યા છે.તો જૂનાગઢ મુકામે અંધ દીકરીયુઓ રસોઈમાં પારંગત થાય તે હેતુથી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તેમજ એસ. બી. આઈ. ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે જૂનાગઢ મુકામે ૧૦ દિવસ નિઃશુલ્ક ફાસ્ટ ફૂડ તેમજ મીણબત્તી, અગરબત્તી, દિવેટ વગેરે તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં આ તાલીમ વર્ગમાં જુદા જુદા નિષ્ણાંત ટ્રેનરો કેતનાબેન ડી.પીઠવા રાજકોટ અંધ નિષ્ણાંત ટ્રેનર દ્વારા દીકરીઓને વ્યક્તિગત હાથ પકડાવી અને જીણવટ ભરી સમજણ આપી તાલીમ આપવામાં આવી રહી છે.આ તાલીમ વર્ગમાં દાળબાટી અને ઉપમા બનાવવામાં આવ્યું હતું. આ તાલીમ વર્ગમાં વિશેષતા એ હતી કે અંધ દીકરીઓને શીખવાડનારા પણ અંધ બહેન હતા અમારો હેતુ એ કે જો અંધ પોતે રસોઈમાંથી પસાર થઈ કેવી રીતે રસોઈ શીખવાડવી એને થતા પ્રોબ્લેમો મસાલાને કેવી રીતે ઓળખવા રસોઈ પાકી કે કેમ તેની કઈ કઈ સુગંધ આવે એ બધી જાણકારી આ અંધ ટ્રેનર દ્વારા આપવામાં આવી હતી. આ તાલીમમાં એસ. બી. આઈ. ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના માધ્યમ નિઃશુલ્ક દિવ્યાંગ ટ્રેનીંગ સ્પેશિયલ કોર્સ ગોઠવવામાં આવેલ છે. આ તાલીમ વર્ગના ઉદ્‌ઘાટક ધર્મેશભાઈ પોશિયા, જયશ્રીબેન વેકરીયા, ચેતનાબેન પંડ્યા, ભાવેશભાઈ કયાડા, સુશીલાબેન શાહ અંધ કન્યા છાત્રાલયના પ્રમુખ મનસુખભાઈ વાજા, મેનેજિંગ ટ્રસ્ટી મુકેશગીરી મેઘનાથી, ટ્રસ્ટી બટુકબાપુ, શાંતાબેન બેસ જેવા મહેમાનોના હાથે દીપ પ્રગટાવી તેમજ અંધ દીકરીઓ દ્વારા પ્રાર્થના, સ્વાગત ગીત ગાય આ તાલીમ વર્ગને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ તકે સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજાએ જણાવ્યું હતું કે અમારી અંધ દીકરીઓને અમે સત્યમ સેવા યુવક મંડળ દ્વારા લગ્ન પણ સંસ્થા દ્વારા કરાવી દઈએ છીએ પરંતુ અંધ દીકરીઓ રસોઈમાં પારંગત હોય તો તેને સારા જીવનસાથીની યોગ્યતા મળી શકે તે હેતુથી આવી તાલીમનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ તકે તાલીમ વર્ગના અધિકારીઓ અને સંસ્થાના તમામ ટ્રસ્ટીઓનો આભાર માન્યો હતો. આ તાલીમ વર્ગ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના સેવાભાવી જનકબેન, દક્ષાબેન ચાવડા તેમજ મનોજભાઈ સાવલિયાએ વ્યવસ્થાના ભાગરૂપે સેવા કરી હતી.

## માંગરોળ નચિકેતા વિદ્યામંદિરનું ગૌરવ

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ, તા.૪




અમરેલી મુકામે તા. ૩૦ સપ્ટેમ્બર અને ૧ ઓકટોબર ૨૦૨૩ વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ - સોમનાથ વિભાગની તમામ શાળાના સંસ્કૃતિ મહોત્સવ અંતર્ગત સંસ્કૃતિ જ્ઞાન પ્રશ્નમંચનું આયોજન થયું હતું જેમાં બાલ વર્ગની સ્પર્ધામાં માંગરોળની નચિકેતા વિદ્યામંદિરના સ્મિત કરગઠિયા, તૃષાલ સાંગણી, યુવરાજ પીઠીયા વિભાગમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરી સમગ્ર શાળા પરિવાર તેમજ તાલુકાનું ગૌરવ વધારેલ છે. હવે તેઓ રાજ્યકક્ષાની પ્રશ્નમંચ માટે હારીજ સ્થાન ઉપર ભાગ લેવા માટે જશે.

## શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા ૧૭માં યુવક મહોત્સવનું ભવ્ય આયોજન

(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૪

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળના ૧૭માં યુવક મહોત્સવનો ઉદ્‌ઘાટન સમારોહ આવતીકાલ તા.૫-૧૦-૨૦૨૩ના ગુરૂવારે સવારે ૧૦:૦૦ કલાકે યુનિવર્સિટી પરિસરમાં યોજાશે. સત્તરમા યુવક મહોત્સવના ઉદ્‌ઘાટન સમારોહમાં વિવિધ કાર્યક્રમો યોજાશે જેમાં **૧૭મો યુવક મહોત્સવ** – કુલ ૨૯ જેટલી સ્પર્ધાઓનું આયોજન થનાર છે જેમાં ૧૪ શૈક્ષણિક, સાંસ્કૃતિક અને ચિત્ર તથા ૧૫ રમત ગમત સ્પર્ધાઓ યોજાશે. આ યુવક મહોત્સવમાં રાજ્યભરની ૩૩ સંસ્કૃત કોલેજોના ૭૦૦ સ્પર્ધકો ભાગ લેશે, **પુસ્તક લોકાર્પણ** – યુનિવર્સિટીના પ્રકાશન વિભાગ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ પ્રકાશનોનું મંચસ્થ મહાનુભાવોનાં હસ્તે વિમોચન કરવામાં આવશે,



**સંસ્કૃત શોભાયાત્રા** - આવતીકાલ તા.૫-૧૦-૨૦૨૩ ગુરૂવારના રોજ સવારે ૮:૦૦ કલાકે ટાવર ચોક, વેરાવળથી યુનિવર્સિટી સુધી એક સુંદર સંસ્કૃત શોભાયાત્રાનો પ્રારંભ કરવામાં આવશે. યુનિવર્સિટીના પદાધિકારીઓ, રાજ્યભરમાંથી પધારેલા તમામ સ્પર્ધકો, અધ્યાપકો / અધ્યાપિકાઓ અને યુનિવર્સિટી કર્મચારીગણ આ યાત્રામાં ભાગ લેશે.

આ સમારોહમાં મુખ્ય-અતિથિ અને ઉદ્‌ઘાટકરૂપે પ્રો.અર્જુનસિંહ રાણા, કુલપતિ, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી, દેસર ઉપસ્થિત રહેશે. સારસ્વત અતિથિરૂપે પ્રો.હરેરામ ત્રિપાઠી, કુલપતિ, કવિકુલગુરૂ કાલિદાસ સંસ્કૃત યુનિવર્સિટી, રામટેક (મહારાષ્ટ્ર) ઉપસ્થિત રહેશે. અધ્યક્ષરૂપે પ્રો. સુકાન્ત કુમાર સેનાપતિ, કુલપતિ, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ ઉપસ્થિત રહેશે. અત્રેની યુનિવર્સિટીના કુલસચિવ ડો.દશરથ જાદવ આમંત્રકરૂપે ઉપસ્થિત રહેશે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# પ્રતિયોગી પરીક્ષાની પધ્ધતિમાં બદલાવ જરૂરી

સુપ્રસિધ્ધ લેખક આર.કે. નારાયણે ૧૯૯૧માં રાજ્યસભામાં શિક્ષણ પર સુંદર ભાષણ આપ્યું હતું. ભાષણનો વિષય વિદ્યાર્થીઓ પર દફતરનો બોજ ઓછો કરવાનો હતો. તેમાં વિસ્તારિત અભ્યાસક્રમને કારણે છાત્રો પર પડનારા બિનજરૂરી તણાવની વિવેચના હતી. એ વક્તવ્ય પર દેશવ્યાપી ચર્ચા થઈ. ભારત સરકારે પ્રસિધ્ધ વિજ્ઞાની અને શિક્ષણવિદ પ્રો.યશપાલની અધ્યતામાં સ્કૂલી બેગના બોજને ઘટાડવા માટે એક સમિતિ રચી જેણે ૧૯૯૩માં પોતાનો રિપોર્ટ આપ્યો. તેમાં સૌથી મહત્ત્વપૂર્ણ ભલામણ એ હતી કે દફતરના બોજથી પણ વધુ તણાવ જે કંઈ ભણાવવામાં આવે છે, તેને સમજી નહીં શકવાને કારણે પેદા થાય છે. સમિતિએ તેનાં કારણો પણ ગણાવ્યાં હતાં. ૨૦૦૫માં એનસીઈઆરટીએ અભ્યાસક્રમની જે રૂપરેખા બનાવી તેના સંચાલન સમૂહની અધ્યક્ષતા પણ પ્રો.યશપાલે જ કરી હતી. ત્યારે પુસ્તકોની સંરચના, વિષયવસ્તુ અને ભણાવવાના ઢંગ તથા પરીક્ષા પદ્ઘતિમાં કેટલાય પરિવર્તન કરવામાં આવ્યા. ત્યાં જ, સમયની સાથે વિભિન્ન પરીક્ષાઓમાં પ્રતિભાગીઓની સંખ્યા વધતી ગઈ અને પ્રતિસ્પર્ધાનો તણાવ પણ ઝડપથી વધ્યો. સરકારી સ્કૂલોની સ્થિતિ બદથી બદતર થતી ગઈ. નિયમિત અધ્યાપકોની નિયુક્તિઓ કેટલાય રાજ્યોએ બંધ કરી દીધી અને નામ માત્રના પગાર પર અનેક પદનામોથી અનિયમિત ભણાવનારા લોકોને નિયુક્ત કર્યા. તેનાથી ટ્યૂશન અને કોચિંગ માટે અત્યંત ફળદ્રુપ જમીન તૈયાર થતી ગઈ.

રાજસ્થાનના કોટામાં તો કોચિંગે એક રાષ્ટ્રીય સ્વરૂપનો ઔપચારિક આકાર લઈ લીધો છે. પ્રતિસ્પર્ધી પરીક્ષાઓના કોચિંગમાં કોટાની મહારથની ચર્ચા દેશના ખૂણે ખૂણે પહોંચી ગઈ. દેશભરના વાલીઓ પોતાના બાળકોને ત્યાં મોકલવાની શરૂઆત કરી દીધી. એન્જિનિયરિંગ અને મેડિકલમાં પ્રવેશ માટે કોટામાં થોડાં વર્ષ વિતાવવાં 'દરેક સમસ્યાનું સમાધાન' ગણાવા લાગ્યું. કોટામાં કોચિંગ પરિદશ્ય ઉભરવાની સાથે જ ત્યાં લોકોને લાભ કમાવાના અપાર અવસર દેખાયા. જ્યારે પણ કોઈ શહેરની આર્થિક ઉન્નતિ થાય છે તો ત્યાં કેટલા પ્રભાવશાળી લોકો નેતાઓ સાથે પોતાના સંબંધોનો લાભ ઉઠાવીને નિયમોને બાજુ પર રાખતાં પોતાના હિત સાધવામાં લાગી જાય છે. આ બાબતે કોટા પણ અપવાદ નથી રહ્યું. અહીં કેટલીક કોચિંગ સંસ્થાઓએ સ્કૂલો સાથે સાંઠગાંઠ કરી લીધી. મતલબ હાજરી સ્કૂલમાં અને ભણવાનું માત્ર કોચિંગ કેન્દ્ર પર. આ બધાને ખબર છે. માત્ર નિયામક સંસ્થાઓ જ બેખબર જણાય છે! પ્રત્યેક કોચિંગ સંસ્થાનો ઉદ્દેશ્ય સ્પષ્ટ છે કે તેમને ત્યાં વધુને વધુ બાળકો પ્રવેશ લે, જેથી તે એવો દાવો કરી શકે કે સૌથી વધુ સફળતાનો દર એનો જ છે. એવામાં આંતરિક પરીક્ષાઓમાં જે બાળકો સારા અંક લાવશે તો કોચિંગ સંસ્થાઓનું પૂરું ધ્યાન એના પર જ કેન્દ્રિત થઈ જશે. જે પાછળ રહી જશે, તેમનું મનોબળ ઘટતું જશે અને એ જ અનુપાતમાં તણાવ વધતો જશે.

દરેક બાળક જ્યારે કોટા કે આ જ પ્રકારના અન્ય એ શહેરોમાં જાય છે, જ્યાં કોચિંગે એક ઉદ્યોગનું રૂપ લઈ લીધું છે, ત્યારે તેના દિમાગમાં એ સ્પષ્ટ રહે છે કે જો તે સફળ નહીં થાય તો માતા-પિતાની આર્થિક સામાજિક દશા પર તેની સીધી અસર પડશે. ૨૦૨૩-૨૪માં કોટામાં લગભગ ૨.૦૫ લાખ વિદ્યાર્થી આવ્યા અને તેમના માટે શહેરમાં ત્રણ હજાર છાત્રાવાસ અને ૨૫,૦૦૦ રૂમો રાહ જોતી હતી. રાષ્ટ્રીય સ્તર પર ૨૦૨૨-૨૩માં ૨૭.૪ લાખ બાળકો આઈઆઈટી અને મેડિકલ પ્રવેશ પરીક્ષાઓમાં બેઠા. તેના માટે માત્ર ૬૪,૬૧૦ સ્થાન હતાં. કોટા આવેલા ઉમેદવારોની સફળતાના સત્તાવાર આંકડા તો ઉપલબ્ધ નથી, પરંતુ સામાન્ય રીતે માનવામાં આવે છે કે સફળતાનો દર ૧૦ થી ૧૪ની વચ્ચે હોય છે. ત્યાં કોચિંગ સંસ્થાઓમાં જે પ્રકારનું ભણતર આપવામાં આવે છે, તેનાથી કોઈપણ તરુણના જીવનમાં તણાવ જ પ્રસરશે. બાળકો પર ત્યાંના અત્યંત તણાવપૂર્ણ પરિવેશનો ઊંડો નકારાત્મક પ્રભાવ પડી રહ્યો છે.


કોટામાં આ વર્ષે અત્યાર સુધી ૨૫ બાળકો આત્મહત્યા કરી ચૂક્યા છે અને આવું પહેલી વાર નથી થઈ રહ્યું. કોટાની સમસ્યાનું ત્વરિત સમાધાન કાઢવા માટે રાજસ્થાન સરકારે એક સમિતિ રચી છે. એવી સમિતિઓ અને તેમના રિપોર્ટથી કંઈ બહુ અપેક્ષાઓ નથી હોતી. કોટા મામલે ત્વરિત સુધારની જરૂર છે. કોટાની સમસ્યાનું નિરાકરણ દીર્ઘકાલીન સમાધાન શોધીને જ સંભવ છે. પહેલો પડકાર છે કે સરકારી પ્રાઈમરી સ્કૂલોની શાખ અને સ્વીકાર્યતાને સ્થાપિત કરવી. જો આ મનોયોગથી કરવામાં આવ્યું હોત તો સરકારી સ્કૂલોની સ્થિતિ આટલી દયનીય ન હોત અને દેશમાં ટ્યૂશન અને કોચિંગ આટલી હદે ફૂટી ન નીકળ્યા હોત. પ્રવેશ પરીક્ષાઓમાં માત્ર મસ્તિષ્કની પ્રખરતાનું ધ્યાન આપવામાં આવે છે અને ભાવનાત્મક અને અન્ય પક્ષોને ભૂલાવી દેવામાં આવે છે. આ યોગ્ય નથી.

ગાંધીજીએ ભારત માટે યોગ્ય શિક્ષણ વ્યવસ્થા પરજેટલું ચિંતન અને પ્રયોગ કર્યા, તેટલા કદાચ કોઈએ નથી કર્યા. તેમણે શિક્ષણની જે ટેક્સોનોમી (વર્ગીકરણ) વિકસિત કર્યું હતું, તેના ત્રણ અંગ હતા - મસ્તિષ્ક, હાથ અને હૃદય. આ ત્રણેયને વિકસિત કરવાના હતા. ભારતની વર્તમાન શિક્ષણ પ્રણાલી સમક્ષ સૌથી મોટો પડકાર એ છે કે તેણે હાથ અને હૃદયને પાછળ છોડી દીધા છે. એન્જિનિયરિંગ-મેડિકલ પ્રવેશ પરીક્ષાાં પ્રાયોગિક એટલે કે પ્રેક્ટિકલ દક્ષતાની કસોટી કેમ ન હોવી જોઈએ? એ કોઈથી છૂપું નથી કે કેટલાંય શિક્ષણ બોર્ડમાં ૧૦મા અને ૧૨મામાં થનારી પ્રેક્ટિકલ પરીક્ષાઓ હાસ્યાસ્પદ સ્થિતિમાં પહોંચી ગઈ છે. પ્રતિયોગી પરીક્ષાઓમાં પ્રેક્ટિકલનો સમાવેશ બાજી પલટનારો સાબિત થઈ શકે છે. કોટાનું સમાધાન કોટામાં નહીં નીકળે, તેને રાષ્ટ્રીય પરિપ્રેક્ષ્યમાં વિશ્લેષિત કરીને ઉપાય શોધવા પડશે.

ભારતમાં સૂર્યગ્રહણ દેખાશે નહિ

# તા.૧૪મી એ કંકણાકૃતિ સૂર્યગ્રહણનો અદ્દભુત અવકાશી નજારો : શનિવારે કંકણાકૃતિ સૂર્યગ્રહણનો નજારો

**ઉત્તર-મધ્ય અમેરિકા, દક્ષિણ તેમજ કોલંબિયા, બ્રાઝિલમાં અદ્દભુત જોવા મળશે : સંપૂર્ણ ગ્રહણ કાળ ૦૫ કલાક ૫૨ મિનિટ, મધ્ય ૦૫ મિનિટ ૧૭ સેકન્ડ સ્થિરતા : સૂર્યગ્રહણ નરી આંખે જોવું અતિ જોખમી : ચંદ્ર-સૂર્યગ્રહણો માત્ર અવકાશી ખગોળીય ઘટના, પરિભ્રમણની રમત**



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૪

વિશ્વના દેશો અને પ્રદેશોમાં આગામી તા.૧૪મી ઓકટોબરે શનિવારે કંકણાકૃતિ અને ખંડગ્રાસ સૂર્યગ્રહણનો અવકાશી નજારો નિહાળવા જબરી ઉત્કંઠા જોવા મળે છે. પાંચ કલાક બાવન મિનિટનો સંપૂર્ણ ગ્રહણકાળ દરમ્યાન ૫ મિનિટ ૧૭ સેકન્ડની સ્થિરતા ઉપકરણો દ્વારા જોવાની તૈયારી આરંભી દીધી છે. આ સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે નહિ પરંતુ વિજ્ઞાનપ્રેમીઓ, ખગોળપ્રેમી, વૈજ્ઞાનિકોએ ગ્રહણની ગતિવિધિ નિહાળવા અને સંશોધન કરવા નિયત જગ્યા-સ્થળની પસંદગી કરી લીધી છે. ભારત જન વિજ્ઞાન જાથાની રાજ્ય કચેરી ગ્રહણ સંબંધી વિશેષ જાણકારી આપવાની તૈયારી આરંભી દીધી છે. સૂર્યગ્રહણ નરી આંખે જોવું અતિ જોખમી છે. ભારતમાં ગ્રહણ સંબંધી વૈધાદિ નિયમો જોવા મળે છે તે તદ્દન અપ્રસ્તુત, બોગસ જાથા જાહેર કરે છે. જાથાના રાજ્ય ચેરમેન-એડવોકેટ જયંત પડયાએ જણાવ્યું કે સંવત ૨૦૭૯ ભાદ્રપદ કૃષ્ણપક્ષ અમાસને તા.૧૪મી ઓકટોબર, ૨૦૨૩ના રોજ કન્યા રાશિ ચિત્રા નક્ષત્રમાં થનારૂ કંકણાકૃતિ સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે નહિ જયારે આ ગ્રહણ ઉત્તર, મધ્ય, દક્ષિણ અમેરિકા, કોલંબિયા અને બ્રાઝિલમાં અદ્દભુત અવકાશી નજારો જોવા મળવાનો છે. કંકણાકૃતિ ૫ મિનિટ ૧૭ સેકન્ડ સુધી રહેશે. ભારતીય સમય મુજબ ભૂમંડલે ગ્રહણ સ્પર્શ : ૨૦ કલાક ૩૩ મિનિટ ૩૫ સેકન્ડ, ગ્રહણ સંમીલન : ૨૧ કલાક ૪૦ મિનિટ ૦૯ સેકન્ડ, ગ્રહણ મધ્ય : ૨૩ કલાક ૨૯ મિનિટ ૨૭ સેકન્ડ, ગ્રહણ ઉન્મીલન : ૨૫ કલાક ૧૮ મિનિટ ૫૬ સેકન્ડ, ગ્રહણ મોક્ષ : ૨૬ કલાક ૨૫ મિનિટ ૧૧ સેકન્ડ, પરમ ગ્રાસ : ૦.૯૫૨ રહેશે. જાથના જયંત પંડયા વધુમાં જણાવે છે કે પૃથ્વી ઉપર હજારો ચંદ્ર-સૂર્યગ્રહણો પસાર થઈ ગયા છે. માત્ર ખગોળીય ઘટના છે તેવું વિજ્ઞાનની મદદથી સાબિત કરવામાં આવશે. ભારતમાં સદીઓથી ગ્રહણ સમયે દાયકાઓ જુની રદ્દી દંતકથાઓ, માન્યતાઓ, પરંપરાઓનો આધાર મુકી માત્રને માત્ર ગુમરાહ કરવાનું કામ કરે છે. માનવીની કર્મકાંડ-ક્રિયાકાંડો, વૈધાદિ નિયમો સુતક-બુતક ઠોકી, શારીરિક-માનસિક, આર્થિક શોષણનું કામ લેભાગુઓએ ઉભું કર્યું છે. તેનાથી સાવધાન રહેવા જાથા ગામે ગામ જાગૃતિ અભિયાન ચલાવે છે. વિજ્ઞાને સાબિત કરી આપ્યું છે કે ગ્રહો કે ગ્રહણો માનવજીવનને અસરકર્તા નથી કે જીવન પદ્ધતિ ઉપર કશી જ અસર કોઈપણ પ્રકારે થતી નથી છતાં ભારતમાં ગ્રહણ સમયે દાન-પુણ્ય, જપ-તપ, સ્નાન કરવું, રાશિ ફળકથનો અને દોષ નિવારણના નામે લેભાગુઓ અને અમુક જયોતિષીઓ છેતરપિંડીનું કામ કરે છે તેનો જાથા સદૈવ વિરોધ કરે છે. સદીઓથી જયોતિષીઓ અને કર્મકાંડીઓના મિલાપીપણાના કારણે દેશમાં ગુમરાહ-ભ્રામકતા ફેલાવવાનું કામ જોવા મળે છે. લેભાગુઓ પોતાની આજીવિકા-રોટલા માટે યેનકેન માનવીનું શોષણ કરે છે તેની સામે જાથા જાગૃતિ કાર્યક્રમો આપી નકારાત્મક, અવૈજ્ઞાનિક ફળકથનો, આગાહીઓની પ્રતિક હોળી કરે છે. જેથી જાથાએ સમગ્ર દેશમાં જાગૃતિ અભિયાન હાથ ધર્યું છે. વિશેષમાં એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે પૃથ્વી ઉપર દર મિનિટે સારી-ખરાબ, શુભ-અશુભ, લાભ-નુકશાન, હોની-અનહોની ઘટના ભૌગોલિક પરિસ્થિતિ, પ્રાકૃતિક-કુદરતી, નિયમો અનુસાર બને જ છે તેને કોઈ અટકાવી શકતું નથી કે રોકી શકતું નથી. તેને જપ-તપ, અનુષ્ઠાન, પૂજાવિધિ કે અન્ય કોઈપણ પ્રકારના ક્રિયાકાંડોના ગતકડા, આશિર્વાદ કે કૃપાદ્રષ્ટિ સાથે કશી જ લેવા-દેવા નથી. લેભાગુઓ સદીઓથી નિરાધાર વાતો મુકી અમંગળ ઘટના બતાવી લોકોને મુર્ખ બનાવે છે. હોમ-હવન, જપ-તપ, અનુષ્ઠાન વિગેરેને અનુસરવું તે માનસિક અધઃપતન સાથે સમયની બરબાદી જ છે. ગ્રહણની જયોતિષીઓ દર્શાવે છે તેવી કોઈપણ ભૌગોલિક અસરો જોવા મળતી નથી. તેની પાસે એક પણ વૈજ્ઞાનિક ઉપકરણ નથી. હંબક વાતો કરે છે. લોકોને ઉઠા ભણાવે છે. મંદિર-દેવસ્થાના બંધ રાખવા, ગોળાનું પાણી ફેંકી દેવું, રાંધેલું અનાજ, પથારીનો ત્યાગ કરવો વિગેરે વર્ષો પૂર્વે બોગસ કહાની-કથનો છે. તેને ગ્રહણ સાથે કશી જ લેવા-દેવા નથી. માનવીએ ચંદ્ર-મંગળ ઉપર પગ મુકી દીધો છે છતાં પણ ભારતમાં માનસિક નબળા લોકો ચંદ્ર-મંગળની વીંટીઓ, હાથના આંગળામાં પહેરી છિન્ન મનોવૃતિના દર્શન કરાવી તેના મંત્ર-જાપ કરી નંગની વીંટી પહેરી મુખાર્મીનું પ્રદર્શન કરે છે. જેનાથી જાથા દુઃખી છે. રાજયમાં જાથાના વૈજ્ઞાનિક સમજ કાર્યક્રમો જિલ્લા મથકો રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, પાલનપુર, છોટા ઉદેપુર, ડાંગ આહવા, ગોધરા, વાપી, વલસાડ, નવસારી, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, નડિયાદ, હિંમતનગર, માણસા, રાજપીપળા, સુરેન્દ્રનગર, મોરબી, કચ્છ-ભુજ, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, ગિર સોમનાથ, ભાવનગર, જૂનાગઢ, અમરેલી, બોટાદ, તાપી વ્યારા, મહીસાગર લુણાવાડ, ડીસા, ગાંધીધામ, અંજાર, ધોરાજી, ઉપલેટા, કેશોદ, મહુવા, કુંકાવાવ, બાબરા, લીંબડી સહિત અનેક તાલુકા મથકે અયોજનની તૈયારી ચાલી રહી છે. જાથાના નર્મળિ મેત્રા, અંકલેશ ગોહિલ, દિનેશ હુંબલ, રાજુભાઈ યાદવ, હસમુખ ગાંધી, અરવિંદ પટેલ, વિનુભાઈ લોદરીયા, મથલ હુસેનભાઈ ખલીફા, નાથાભાઈ પીપળીયા, પ્રમોદ પંડયા, નર્ભયિ જોષી, રવિ પરબતાણી, ભકિતબેન રાજગોર, ભાનુબેન ગોહિલ, અનેક કાર્યકરો પોતાના વિસ્તારમાં કાર્યક્રમ ગોઠવવા સંબંધી વ્યવસ્થા કરી રહ્યા છે.

અંતમાં રાજયમાં પોતાના ગામ, શહેરમાં વૈજ્ઞાનિક સમજ કાર્યક્રમો ગોઠવવાના છે. જાથાની વિચારધારા સાથે સંમત લોકોએ મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢના ઝાંઝરડા રોડ નજીક આવેલા એક રહેણાંક મકાનમાં જુગાર દરોડો : ૪ મહિલા સહિત ૧૦ને ઝડપી લેતી પોલીસ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૪

જૂનાગઢના ઝાંઝરડા રોડ ઉપર આવેલ એક રહેણાંક મકાનમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે બી ડીવીઝન પોલીસે જુગાર અંગે દરોડો પાડી ચાર મહિલા સહિત ચાર મહિલા સહિત દસને ઝડપી લેવામાં આવેલ છે. પોલીસે આપેલી વિગત અનુસાર બી ડીવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ જેઠાભાઈ નાથાભાઈએ જાતે ફરિયાદી બની નોંધાવેલી ફરિયાદમાં જણાવેલ છે કે, જલ્પાબેન કિરીટભાઈએ પોતાના રહેણાંક મકાને અંગત ફાયદા સારૂ નાલ ઉઘરાવી અને બહારથી અન્યોને બોલાવી અને તીનપતીનો જુગાર રમાડી નાલના રૂા.૩૮૦૦ અને પટના રૂા.૨૬૦૦ તેમજ મોબાઈલ ફોન છ વિગેરે મળી કુલ રૂા.૧,૨૮,૦૦૦ના મુદ્દામાલ સાથે જલ્પાબેન કીરીટભાઈ અઘેરા, અનસુયાબેન પ્રકાશભાઈ ભલાણી, લાખીબેન કાનાભાઈ ઓડેદરા, શ્વેતાબેન પ્રકાશભાઈ ભટ્ટ, જેન્તીભાઈ ઉર્ફે ભીખુભાઈ કાપડીયા, પરબતભાઈ કનારા, પારસ મારડીયા, પરબતભાઈ સોલંકી, દીલીપઘાઈ વાઘેલા અને ધર્મેન્દ્ર ધકાણને પોલીસે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારાની કલમ ૪, ૫ અંતર્ગત ગુનો દાખલ કરવામાં આવેલ છે. આ બનાવની વધુ તપાસ બી ડીવીઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ એમ.કે. મકવાણા ચલાવી રહ્યા છે.

# મીઠાપુર ખાતે પુરૂષો માટેની ઓપન સાયકલીંગ સ્પર્ધા યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

મીઠાપુર તા.૪

તાતા કેમિકલ્સ લીમીટેડના સ્વ. શ્રી કે.એસ.એસ. નાયરની સ્મૃતીમાં અને કંપની દ્વારા ચાલુ કરાયેલ ફીઝિકલ વેલનેસ ઈનિશિએટિવના ભાગરૂપે આ વર્ષે મીઠાપુર ખાતે પુરૂષો માટેની ઓપન ઓખામંડળ ફાસ્ટ સાયકલીંગ સ્પર્ધા (આશરે ૪૨.૨ કિ.મી.)નું તા.૧૫-૧૦-૨૦૨૩ના રોજ આયોજન કરવામાં આવેલ છે. ફાસ્ટ સાયકલીંગની સ્પર્ધામાં વિજેતાઓને આકર્ષક ઈનામો આપવામાં આવશે તેમજ થોડાં પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવશે. આ સ્પર્ધા પૂર્ણ કરનાર સ્પર્ધકોને સર્ટિફિકેટ આપવામાં આવશે. એન્ટ્રી ફોર્મ તારીખ ૧૦-૧૦-૨૦૨૩ના રોજ સાંજના ૮ વાગ્યા સુધીમાં મીઠાપુર કલબ, C/o. તાતા કેમિકલ્સ લીમીટેડ, મીઠાપુર-૩૬૧૩૪૫ રૂબરૂમાં આપી જવા વિનંતી છે.

# માંગરોળ : ઘોડાદર જંગલમાં નિલગાયના ઈજાગ્રસ્ત બચ્ચાને સંજીવન નેચર ફાઉન્ડેશન દ્વારા પ્રાથમીક સારવાર અપાઈ



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૪

ઘેડ વિસ્તાર નજીક ઘોડાદર જંગલમાં એક નિલગાયનું બે દિવસ પહેલા મોત થયું હતું. ત્યારબાદ તેની આસપાસ લોહીલુહાણ હાલતમાં તેનું પાંચ થી છ દિવસનું બચ્ચું બૂમરાડ કરતું હતું. જે પર્યાવરણ સાથે જોડાયેલી સંસ્થા સંજીવની નેચર ફાઉન્ડેશનના સદસ્ય કેશુભાઈ વાઢેરને ધ્યાને આવતા તેઓએ પેટ અને પગના ભાગે ઈજાગ્રસ્ત બચ્ચાને ઘરે લાવી પ્રાથમિક સારવાર આપી હતી. ત્યારબાદ સંસ્થાના પરેશભાઈ નિમાવત તથા નરેશગીરી ગૌસ્વામીને જાણ કરી હતી. આ અંગે વનવિભાગના આરએફઓ વાળાને માહિતગાર કરાતા તેઓએ નિલગાયના બચ્ચાને ફોરેસ્ટની ઓફીસે લાવવા વાહન મોકલ્યું હતું. હાલ આ બચ્ચુ અહીં છે અને સ્વસ્થ છે. વધુ સારવાર માટે તેને અમરાપુર વેટરનરી હોસ્પિટલ ખાતે મોકલવામાં આવનાર છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

કલ્યાણ કરનારા કોઈપણ મનુષ્યને દુર્ગતિ મળતી નથી.
- શ્રીમદ્ ભાગવત ગીતા

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.અર્દીબહેસ્ત-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, ભાદરવા વદ-૬ છઠ્ઠનું શ્રાધ્ધ તા.૪ ઓક્ટોબર ૨૦૨૩, બુધવાર, પારસી તા.૨૦, મુસ્લિમ તા.૧૮, રોહિણી નક્ષત્ર, સિધ્ધિ યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૪૪, સૂ.અ.૬:૩૫
આજનો દિવસ અશુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: આર્થિક સમસ્યાનો ઉકેલ મળે. કોર્ટ-કચેરીના કાર્યમાં સફળતા મળે.
વૃષભ:ગૃહસ્થજીવનમાં મતભેદ થાય. મનમાં મૂંઝવણ રહે.
મિથુન:મહત્વના કાર્યમાં રૂકાવટ આવે. ક્રોધ પર કાબુ રાખવો.
કર્ક: મનની મુરાદ પૂરી થાય. નવિન લાભની તક સાંપડે.
સિંહ: હાથમાં આવેલી તક સરી જાય. જીવનસાથીના આરોગ્ય અંગે ચિંતા.
કન્યા: મનમાં ખિન્નતા રહે. ગુપ્ત ચિંતા રહે.
તુલા: આર્થિક સમસ્યા તીવ્ર બને. સ્વમાન ઘવાય તેવો પ્રસંગ બને.
વૃશ્ચિક:આર્થિક સમસ્યાનો સામનો કરવો પડે. બેચેની અનુભવાય.
ધન: આરોગ્ય અંગે સાવધાની જરૂરી બને. ગૃહવિવાદના ભોગ બનવું
મકર: પડે.
કુંભ: યશ, માન, પ્રતિષ્ઠામાં વધારો થાય. કાર્યબોજ હળવો બને.
મીન: વાણી સંયમ જાળવવો હિતાવહ. અણધારી લાભની તક સરી જાય.

ગરબા આયોજકોની અનોખી તૈયારી

# ગરબાના આયોજન સ્થળે ICU એમ્બ્યુલન્સ તહેનાત રહેશે

**હાર્ટ એટેકની ઘટનાને લઈ સતર્ક બન્યાં છે,ત્યારે આરોગ્યને લઈને સુરતમાં ગરબાને લઈને ખાસ તૈયારીઓ કરાઈ છે**

અમદાવાદ, તા.૪

નવરાત્રીન હવે થોડાક જ દિવસો બાકી છે. ખેલૈયાઓમાં નવરાત્રિનો થનગનાટ જોવા મળી રહ્યો છે. બીજી તરફ ગરબા પહેલા ગુજરાતમાં ગરબાની પ્રેક્ટિસ કરી રહેલા યુવકોના મોતની અનેક ઘટનાઓ સામે આવી છે.

સુરતના ગરબા આયોજકો પણ રાજયમાં નાની ઉંમરના લોકોમાં વધતી હાર્ટ એટેકની ઘટનાને લઈ સતર્ક બન્યા છે. ત્યારે આરોગ્યને લઈને સુરતમાં ગરબાને લઈને ખાસ તૈયારીઓ કરાઈ છે.હાર્ટ એટેકના કિસ્સામાં ખેલૈયાઓને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે ગરબા આયોજકોએ તૈયારી શરૂ કરી છે. ગરબાના આયોજન સ્થળે આરોગ્યને લઈ સુવિધા ઉભી કરવામાં આવશે. આયોજન સ્થળે ૮ તબીબોની ટીમ તહેનાત રહેશે. એટલું જ નહીં એક ICU એમ્બ્યુલન્સ અને એક એક્સ્ટ્રા એમ્બ્યુલન્સ તહેનાત રહેશે. સાથે સાથે સુગર, બીપીના દર્દીઓ માટે ફ્રીમાં દવાનું વિતરણ પણ કરાશે.મહત્વનું છે કે ત્રણ દિવસ પહેલા પલસાણાના બગુમરા ગામે આમલી ફળિયામાં મિત્રો સાથે ૨૧ વર્ષીય યુવક ગરબાની પ્રેક્ટિસ કરી રહ્યો હતો. આ દરમિયાન યુવક અચાનક જ ઢળી પડ્યો હતો. તેથી યુવકને સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયો હતો. જ્યાં તબીબોએ યુવકને મૃત જાહેર કર્યો હતો.તે પહેલા રાજકોટમાં એક જ દિવસમાં ૩ યુવકોના હાર્ટ એટેકથી મોત નિપજ્યા હતા. રાજકોટના રૈયા રોડના ૨૬ વર્ષિય યુવકનું હાર્ટ એટેકથી મોત થયું, તો કોઠારીયા રોડ પર ૪૦ વર્ષિય યુવકનો હાર્ટ એટકથી જીવ ગયો હતો. તો કાલાવડ રોડ વિસ્તારનો યુવક પણ હાર્ટ એટેકનો શિકાર બન્યો હતો.

# અમદાવાદ વર્લ્ડકપ મેચ માટે પાર્કિંગ ચાર્જમાં વધારો

અમદાવાદ, તા.૪

ICC ODI ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૨૩ શરૂ થવામાં માત્ર બે દિવસ બાકી છે. આ વખતે વર્લ્ડકપ ૫ ઓક્ટોબરથી લઈને ૧૯ નવેમ્બર સુધી ભારતની ધરતી પર રમાવાનો છે. પહેલીવાર આવું થઈ રહ્યું છે જ્યારે ભારત એકલા વર્લ્ડ કપની મેજબાની કરવા જઈ રહ્યું છે. આ પહેલા ભારતે ૧૯૮૭,૧૯૯૬ અને ૨૦૧૧ના વર્લ્ડ કપની સંયુક્ત મેજબાની કરી હતી. વર્લ્ડ કપ ૨૦૨૩માં કુલ ૧૦ ટીમો ભાગ લેવા જઈ રહી છે. તેમાંથી ૮ ટીમોને ડાયરેક્ટ એન્ટ્રી મળી છે, જ્યારે શ્રીલંકા અને નેધરલેન્ડે વર્લ્ડ કપ ક્વોલિફાયર દ્વારા આ મેગા ઈવેન્ટ માટે સ્થાન મેળવ્યું છે. વર્લ્ડ કપ માટેની તમામ ટીમોની સ્કવોડ પણ ફાઈનલ થઈ ચૂકી છે. અમદાવાદની વાત કરીએ તો અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં વર્લ્ડકપની ફાઈનલ સહિત ૫ મેચો રમાશે. ત્યારે અમદાવાદમાં વર્લ્ડ કપ મેચ માટે વાહનોના પાર્કિંગ ચાર્જમાં વધારો થયો છે. ખાનગી પાર્કિંગ ચાર્જમાં રૂ.૫૦નો વધારો કરાયો છે. વાહન પાર્કિંગ માટે લોકોએ ટુ-વ્હીલર માટે રૂપિયા ૧૦૦ અને ફોર-વ્હીલર માટે રૂપિયા ૨૫૦ ચાર્જ ચૂકવવાનો રહેશે.

# રાજ્યનું પ્રથમ ફલાયઓવર APMC સુરતમાં બનશે

અમદાવાદ, તા.૪

સુરત એકતરફ સૌથી વધુ ફલાયઓવર ધરાવતું શહેર છે ત્યાં હવે અંદાજીત ૧૧૦ કરોડના ખર્ચે રાજ્યની પ્રથમ ફલાયઓવર આધુનિક એપીએમસી માર્કેટ બનવા જઈ રહી છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ચેરમેન સંદીપ દેસાઈને પત્ર લખી ગુજરાતની સૌથી આધુનિક માર્કેટ યાર્ડ તરીકે સુરત ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિને સન્માનપત્ર મોકલી ભવિષ્યની સુરતની વસ્તીને ધ્યાને રાખી માર્કેટનો વિસ્તાર કરવાનું સૂચન કર્યું હતું. જેને પગલે સુરત એપીએમસી માર્કેટ ટ્રેડને રાજ્યની પ્રથમ ફલાયઓવર શાકભાજી માર્કેટ યાર્ડ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આધુનિક એપીએમસી માર્કેટમાં ૧૦૦ ફૂટ પહોળા રેમ્પથી શાકભાજીની ૮૦ ટ્રકો અને ૨૦૦ ટેમ્પો સીધા પ્રથમ માળે પાર્ક થઈ ૧૪ બાય ૧૭૦ ફૂટના ૧૦૮ ગાળાઓમાં શાકભાજીનો જથ્થો ઠાલવી શકશે. એટલું જ નહીં કોલ્ડ સ્ટોરેજમાં પોતાનો માલ પણ સાચવી શકશે. મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટની માફક જ આ નવું યાર્ડ સુરત ડિસ્ટ્રીક્ટ બેંકની ગ્રીન બિલ્ડીંગ તૈયાર કરનાર સાગર દંડવતેનાં માર્ગદર્શન હેઠળ તૈયાર થઈ રહ્યું છે. સુરત એપીએમસીનાં ચેરમેન સંદીપ દેસાઈએ જણાવ્યું હતું કે ૨૦૩૫ માં સુરતની એક કરોડથી વધુની વસ્તીને શાકભાજીની સપ્લાય સરળતાથી થઈ શકે એ માટે યાર્ડમાં શાકભાજીનો વેપાર એરિયા વધારવામાં આવી રહ્યો છે. ૧૦૮ વેચાણ કેન્દ્રો વચ્ચે ૧૦૦ ફૂટ પહોળો રોડ બનશે. ગ્રાઉન્ડ ફ્લોરની જેમ રેમ્પ ચઢીને ટનબંધ વજન ધરાવતી ટ્રકો સીધી પહેલા માળે જશે. રેમ્પને લીધે હાલના યાર્ડથી માર્કેટની ઊંચાઈ એકથી બે માળ જેટલી ઊંચી દેખાશે. નોંધનીય છેકે, હાલનું માર્કેટ યાર્ડ વર્ષ ૧૯૯૮માં ૧.૫૦ લાખ ચો.મી જમીનમાં ઊભું થયું હતું. સુરત, તાપી સહિત દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને દેશમાં મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્રપ્રદેશ સહિત ૬ રાજ્યોમાંથી અહીં શાકભાજી આવે છે અને દિલ્હી સહિત ઉત્તર ભારતનાં રાજ્યોમાં પણ જાય છે. રાજ્યમાં નવો એપીએમસી કાયદો અમલમાં આવવાથી ૩૦ થી વધુ માર્કેટ યાર્ડ મૃતપાય હાલતમાં છે, ત્યારે સુરત માર્કેટ યાર્ડનું વાર્ષિક ટર્નઓવર ૨૭૦૦ કરોડ ઉપર પહોંચ્યું છે.

# ઓકટોબરમાં ગરમીનો પારો ૩ ડિગ્રી સુધી વધી ૪૦ ડિગ્રી આસપાસ થવાની શકયતા : ઉકળાટ વધતાં લોકો પરસેવે રેબઝેબ

## ઓકટોબરમાં વરસાદની શકયતા નહિંવત્ : નવેમ્બરના મધ્યથી રાજ્યમાં ઠંડીનો આરંભ થઈ જશે

અમદાવાદ, તા.૪

રાજ્યમાં ચોમાસાની વિદાય વચ્ચે એકાએક ગરમીનો પારો ઊંચકાતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. વાતારવરણમાં ભેજનું પ્રમાણ વધતાં ઉકળાટમાં પણ વધારો થયો છે, જેથી લોકો પરસેવે રેબઝેબ થયા છે. હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે કે, ઓકટોબર માસમાં હાલ ગરમીના તાપમાન ૩૭ ડિગ્રીમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો થઈ શકે છે. હાલ પડી રહેલી અંગ દઝાડતી ગરમીથી પ્રજા પરેશાન છે. અમદાવાદ સહિત પાંચ શહેરોમાં ગરમીનો પારો ૩૭ ડિગ્રીને પાર પહોંચ્યો છે. બીજી તરફ એવી પણ શકયતા વ્યક્ત કરવામાં આવી હતી કે, ઓકટોબરમાં વરસાદની શક્યતા નહિંવત્ છે. નવેમ્બરના મધ્યથી રાજ્યમાં ઠંડીનો આરંભ થઈ શકે છે. તેમજ ૧૩ અને ૧૪ ઓકટોબરે વાદળ છવાયેલું વાતાવરણ રહેવાની પણ આગાહી કરવામાં આવી હતી.

રાજ્યમાંથી ચોમાસુ વિદાય લઈ રહ્યું છે તો બીજી તરફ ચોમાસાની વિદાયની સાથે-સાથે રાજ્યમાં એકાએક ગરમીનો પારો ઊંચકાયો છે. અંગ દઝાડતી ગરમીને લઈ લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. અમદાવાદમાં ઓકટોબરના પ્રથમ દિવસથી જ ગરમીનો પારો ૩૭ ડિગ્રી પહોંચી ગયો છે. ત્યારે આગામી સમયમાં અમદાવાદના તાપમાનમાં વધારો થવાની આગાહી હવામાન વિભાગે કરી છે. રવિવારે અમદાવાદનું મહત્તમ તાપમાન ૨ ડિગ્રી વધીને ૩૭ ડિગ્રી જ્યારે લઘુત્તમ તાપમાન ૧ ડિગ્રી વધીને ૨૫.૫ ડિગ્રી નોંધાયું હતું. અમદાવાદમાંથી ચોમાસુ આગામી થોડાક દિવસમાં વિદાય લઈ રહ્યું છે. પરંતુ દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વરસાદ પડવાની આગાહી છે. હવામાન વિભાગના ડાયરેક્ટર મનોરમા મોહંતીએ જણાવ્યું હતું કે, ચોમાસાની સિઝનમાં ગુજરાતમાં સામાન્ય કરતા ૧૯ ટકા વધુ વરસાદ પડ્યો છે. તેમજ આગામી સપ્તાહમાં ચોમાસુ રાજ્યમાંથી વિદાય લઈ શકે છે, જેથી અમદાવાદ સહિત રાજ્યમાં વરસાદની સંભાવના નહિંવત્ છે. પરંતુ વરસાદની વિદાય થતાં ઓકટોબર મહિનામાં અમદાવાદના તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો વધારો થઈ શકે છે. તેમજ ઓકટોબર મહિનામાં છૂટો છવાયો વરસાદ પડવાની શક્યતા છે. રાજ્યમાંથી ધીમા પગલે ચોમાસાની વિદાયની સાથે-સાથે વાતાવરણમાં ધીમેધીમે ભેજનું પ્રમાણ ઘટશે. અમદાવાદના તાપમાનમાં વધારો થઈ શકે છે. ઓકટોબર મહિનામાં વરસાદ પડવાની શકયતા ખૂબ જ ઓછી છે.

# મદ્રાસ હાઈકોર્ટે ૧૯૯૨ના વાચ ગામના બળાત્કાર કેસમાં ૨૬૯ અધિકારીઓને દોષિત ઠેરવવાના ચુકાદાને સમર્થન આપ્યું



નવી દિલ્હી, તા.૪

મદ્રાસ હાઈકોર્ટે સેશન્સ કોર્ટના ચુકાદાને પડકારતી અપીલને ફગાવીને ૧૯૯૨ના કેસમાં ૨૬૯ સરકારી અધિકારીઓને દોષિત ઠેરવ્યા છે. આ મામલો તમિલનાડુના ધર્મપુરી ગામમાં વાચથી આદિવાસી ગામની ૧૮ મહિલાઓ ઉપર ચંદનના દાણચોરોને પકડવા માટે હાથ ધરવામાં આવેલા દરોડા દરમ્યાન બળાત્કારનો છે. ૨૦ જૂન, ૧૯૯૨ના રોજ પાડવામાં આવેલા આ દરોડામાં ગ્રામજનોની સંપત્તિનો વ્યાપક વિનાશ પણ કરવામાં આવ્યો હતો. હાઈકોર્ટે શુક્રવાર, સપ્ટેમ્બર ૨૯ના રોજ, ધર્મપુરીની સેશન્સ કોર્ટના ૨૦૧૧ના ચુકાદાને સમર્થન આપ્યું હતું, જેમાં ચાર ભારતીય વન સેવા અધિકારીઓ, ૮૪ પોલીસકર્મીઓ અને મહેસૂલ વિભાગના પાંચ અધિકારીઓ સહિત ૧૨૬ વન કર્મચારીઓને દોષિત ઠેરવ્યા હતા. આ ટ્રાયલ દરમ્યાન ૨૬૯ આરોપીઓમાંથી ૫૪ મૃત્યુ પામ્યા હતા અને અન્ય (૨૧૫)ને એકથી ૧૦ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલમાં જણાવાયું છે કે, આ અદાલતે કહ્યું છે કે તમામ પીડિતો અને ફરિયાદ પક્ષના સાક્ષીઓના પુરાવા સુસંગત છે, અને વિશ્વસનીય છે. હાઈકોર્ટના જસ્ટિસ પી. વેલમુરૂગને સેશન્સ કોર્ટના આદેશ સામેની અરજીઓને ફગાવી દેતા તમામ દોષિતોની કસ્ટડી સુરક્ષિત રાખવા માટે નિર્દેશ જારી કરવાનો આદેશ આપ્યો હતો જેથી તેઓ તેમની બાકીની જેલની મુદત પૂરી કરી શકે. કોર્ટે તમિલનાડુ સરકારને ડિવિઝન બેંચના ૨૦૧૬ના આદેશ મુજબ બળાત્કાર પીડિતોને વળતર રૂપે ૧૦ લાખ રૂપિયા ચૂકવવા પણ સૂચના આપી હતી. તેણે સરકારને દોષિતો પાસેથી વળતરની રકમના ૫૦% વસૂલવાનું પણ કહ્યું હતું. જજે કહ્યું કે, વાસ્તવિક દાણચોરોને બચાવવા માટે, અધિકારીઓએ એક મોટું નાટક ભજવ્યું હતું જેમાં નિર્દોષ આદિવાસી મહિલાઓને અસર થઈ હતી. તેમને જે પીડા અને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો તે પૈસા અને નોકરીના સંદર્ભમાં ભરપાઈ કરવી પડશે. તત્કાલિન જિલ્લા કલેક્ટર, પોલીસ અધિક્ષક, જિલ્લા વન અધિકારીઓ સહિત અન્ય લોકો ઉપર આરોપીઓને રક્ષણ આપવાનો આરોપ લગાવતા કોર્ટે કહ્યું કે, સાક્ષીઓના પુરાવા ઉપરથી સ્પષ્ટ થાય છે કે જિલ્લા કલેક્ટર, જિલ્લા વન અધિકારી સહિત તમામ અધિકારીઓ અને પોલીસ અધિક્ષક, વાસ્તવિક ગુનેગારો કોણ છે તે જાણતા હોવા છતાં તેઓએ તેમની સામે કોઈ પગલાં લીધા ન હતા અને વાસ્તવિક ગુનેગારોને બચાવવા માટે નિર્દોષ ગ્રામજનો ભોગ બન્યા હતા. તેથી, આ અદાલત એવા નિષ્કર્ષ ઉપર આવે છે કે ફરિયાદ પક્ષે સાબિત કર્યું છે કે તમામ અપીલકર્તાઓએ ગુનો કર્યો છે. કોર્ટે સંબંધિત અધિકારીઓને બળાત્કાર પીડિતો અથવા તેમના પરિવારના સભ્યોને યોગ્ય નોકરી આપવાનો આદેશ પણ આપ્યો હતો. તેણે ૧૯૯૨ની ઘટના બાદ વાચથી ગ્રામજનો માટે લેવાયેલા કલ્યાણકારી પગલાં અંગે પણ માહિતી માંગી હતી. આ કેસ ૧૯૯૫ માં સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (CBI)ને સોંપવામાં આવ્યો હતો, જેમાં ૨૬૯ આરોપીઓ સામે ચાર્જશીટ કરવામાં આવી હતી.

# ગુજરાતમાં સ્પાની આડમાં ચાલતા ગોરખધંધા સામે કડક કાર્યવાહી કરાશે

અમદાવાદ, તા.૪

રાજ્યના અનેક શહેરોમાં બિલાડીની ટોપની જેમ સ્પા સેન્ટરનો રાડો એટલી હદે ફાટી નીકળ્યો છે કે દર એકાદ બે બિલ્ડિંગ છોડીને સ્પા સેન્ટર આસાનીથી મળી જાય છે. મસાજ અને રિલેક્સ કરી આપવાનાં નામ પર સ્પા સેન્ટરમાં દેહવ્યાપારના ગોરખધંધા ચાલી રહ્યા છે. દેહવ્યાપારના ગોરખધંધા સાથે સ્પા સેન્ટરમાં દારૂ પાર્ટી તેમજ ડ્રગ્સ પાર્ટી પણ યોજાય છે તેવા આરોપો થઈ રહ્યા છે. ત્યારે રાજ્યમાં ચાલતા સ્પા મામલે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કડક સૂચના આપી છે. તેઓએ જણાવ્યું કે, ભૂતકાળમાં પણ અને હાલ પણ જયાં અસામાજિક કામ થતા હશે ત્યાં પગલાં ભરાશે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, આ મામલે રાજ્યનું પોલીસ વિભાગ ખૂબ ગંભીરતાથી કામગીરી કરી રહ્યું છે. ગત વર્ષે આ વિષય ઉપર અને સ્પા ઉપર ખૂબ મોટા પગલાઓ લેવામાં આવેલા છે અને હું આપને વિશ્વાસ અપાવું છું કે આ પ્રકારની જે કોઈ ગંદકી હશે તેને સંપૂર્ણ દૂર કરવા માટે રાજ્યની પોલીસ હંમેશા મજબૂતાઈથી કામગીરી કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં અમદાવાદના સિંધુ ભવન રોડ ઉપર સ્પાના માલિકે યુવતીને માર મારવાનો વીડિયો વાયરલ થયા બાદ આ ઘટના હાલ ટોક ઓફ ધ ટાઉન બની હતી. ત્યારે પોલીસ પણ એકાએક એક્શન મોડ ઉપર આવી ગઈ છે અને દેહ વ્યાપાર ચલાવતા દલાલો વિરૂદ્ધ કાયદાકીય સકંજો કસવાનું શરૂ કરી દીધું છે. બે દિવસ અગાઉ એસ.જી. હાઈવે ઉપર આવેલા ગુરૂદ્વારા પાસેની આઈલેન્ડ હોટલમાં બોડકદેવ પોલીસે દરોડો પાડીને દેહ વ્યાપારનો પર્દાફાશ કર્યો હતો. પોલીસે હોટલના મેનેજર સહિત બે લોકોની ધરપકડ કરી હતી. જ્યારે દલાલ નાસી છૂટ્યો હતો.

# હાઈકોર્ટ દ્વારા ગર્ભપાત માટે મનાઈ બાદ વડોદરાની દુષ્કર્મ પીડિતાએ બાળકીને જન્મ આપતા આખરે સરકારને દત્તક આપી દેવામાં આવી

અમદાવાદ,તા.૪

છેલ્લા કેટલાક સમયથી ગુજરાત હાઈકોર્ટમાં ગર્ભપાત માટેના કેસોમાં વધારો થયો છે. ત્યારે વડી અદાલતમાં વડોદરાની એક દુષ્કર્મ પીડિતાનો કેસ આવ્યો હતો. આ કેસમાં કોર્ટે એવું અવલોકન કર્યું હતું કે, આ મામલામાં મેડિકલ અને કાયદાકીય રીતે ગર્ભપાત માટે મંજૂરી આપી શકાય નહીં. જો કે હવે આ પીડિતાએ બાળકીને જન્મ આપતા આખરે સરકારને દત્તક આપી દેવામાં આવી હતી. ગુજરાત હાઈકોર્ટમાં ગર્ભપાત માટેના કેટલાક કિસ્સા થોડા સમયમાં આવ્યા હતાં. ત્યારે હાઈકોર્ટમાં વડોદરાની દુષ્કર્મ પીડિત સગીરાના ગર્ભપાત માટેની અરજી કરવામાં આવી હતી. જજ સમીર દવેની કોર્ટમાં રજૂ કરવામાં આવેલી આ અરજીની સુનાવણી દરમ્યાન કોર્ટે કહ્યું હતું કે, મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નન્સી એક્ટ પ્રમાણે ૨૪ સપ્તાહ સુધીના ગર્ભમાં જ ગર્ભપાત માટે મંજૂરી મળે છે. કોર્ટે સગીરાની મેડિકલ તપાસ માટે SSG હોસ્પિટલના મેડિકલ સુપ્રિન્ટેન્ડન્ટને ડૉકટરોની પેનલ દ્વારા તાત્કાલિક શારીરિક અને માનસિક તપાસના આદેશ આપ્યા હતા. સુનાવણી દરમ્યાન કોર્ટે એવું એવલોકન કર્યું હતું કે, પીડિતાનો મેડિકલ અને કાયદાકીય રીતે ગર્ભપાત કરી શકાય નહિ. ત્યાર બાદ સગીરાના પિતા પણ પોતાની દીકરીની ડિલિવરી માટે તૈયાર થયા હતા. આખરે સગીરાએ પુત્રીને જન્મ આપ્યો હતો, જેને સરકારને દત્તક આપી દેવાઈ હતી. આ કેસમાં મેડિકલ તપાસમાં પીડિતાની શારીરિક ઉંમર ૧૮થી ૨૦ વર્ષ બતાવાઈ હતી. પીડિતા ગર્ભપાતને લઈ ડિપ્રેશનનો સામનો કરતી હતી. તે પોતાના ગર્ભને રાખવા માગતી હતી, તેને સારવાર માટે ICUની સગવડ વાળા સ્થાને રાખવા જણાવાયું હતું.

# અમદાવાદમાંથી ઝડપાયેલા આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ મામલે ચોંકાવનારો ખુલાસો થયો

અમદાવાદ, તા.૪

તાજેતરમાં અમદાવાદમાંથી આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ રેકેટ ઝડપાયું હતું. જેમાં ડ્રગ્સ ડિલિવરીની અલગ જ મોડસ ઓપરેન્ડીનો પર્દાફાશ થયો હતો. પુસ્તકના પાના પલાળી અને રમકડાંમાં સંતાડી ઓર્ડર ઉપર ડ્રગ્સ મોકલવામાં આવતું હતું. ડ્રગ્સના આ પાર્સલો અમેરિકા, કેનેડા, થાઈલેન્ડથી આવતા હતા. આ ચોંકાવનારા ખુલાસા બાદ હવે સાયબર ક્રાઈમ બ્રાન્ચને આ કેસમાં મહત્વની કડીઓ મળી છે અને નવા ખુલાસા કરવામાં આવ્યા છે. જેમાં જાણવા મળ્યું છે કે, છ જેટલા સોશિયલ મીડિયા એકાઉન્ટ, ૩૫ મોબાઈલ ફોન મારફત ડ્રગ્સ રેકેટ ચાલતું હતું. તપાસ ટીમને ૩૫ જેટલા સરનામા પણ મળી આવ્યા છે. એટલું જ નહીં ડાર્ક વેબ ઉપરના બે વોલેટ ઉપરથી બે શકમંદ પણ મળ્યા છે. વિદેશથી આવેલાં ડ્રગ્સનાં પાર્સલની ડિલિવરી અંગે તપાસ કરતા ચોંકાવનારા ખુલાસા થયા છે. જેમાં ૧૮ અમેરિકાથી, ૧ કેનેડાથી, ૧ થાઈલેન્ડથી પાર્સલ આવ્યું હતું. જેમાં ક્રિપ્ટો કરન્સીમાં લેવડદેવડ થઈ હતી તે વોલેટની તપાસ શરૂ કરવામાં આવી છે. અમદાવાદના શાહીબાગમાં ડ્રગ્સનું આ કન્સાઈમેન્ટ લેવા કોઈ આવ્યું ન હતું. તથા ડિલિવરી લેવા ૨ વ્યક્તિઓ પોસ્ટ ઓફિસ આસપાસ ફરતા હતા. ત્યારે સાઈબર ક્રાઈમને માહિતી મળતાં CCTVના આધારે વોચ રખાઈ છે. અમદાવાદ સાયબર ક્રાઈમ અને કસ્ટમ વિભાગના સંયુક્ત ઓપરેશન મામલે સાયબર ક્રાઈમને તપાસમાં મોટી સફળતા મળી છે. તેમજ શાહીબાગની ગિરધરનગર બ્રિજ નીચેની ફોરેન પોસ્ટ ઓફિસમાંથી પકડાયેલા ડ્રગ્સના કેસ મામલે પોલીસને શંકાસ્પદ ૩૫ મોબાઈલ નંબર તેમજ ૩૫ જેટલા સરનામા મળી આવ્યા છે. વિદેશથી આવેલાં ડ્રગ્સનાં પાર્સલની ડિલિવરી કોને થવાની હતી તેની તપાસ શરૂ થઈ છે.

# સૌરાષ્ટ્રના ખેડૂતોના કપાસન પાકને વ્યાપક નુકસાન

અમદાવાદ, તા.૪

ગીર સોમનાથામાં કપાસની ખેતી કરતા ખેડૂતો રોગચાળાને લઈ મુશ્કેલીમાં મુકાયા છે. ગીર સોમનાથ સહિત રાજયના અનેક જિલ્લઓમાં કપાસમાં આવેલા સુકારા નામના રોગને કારણે ખેડૂતોની મુશ્કેલીમાં વધારો થયો છે. ગીર સોમનાથના ઉના અને ગીર ગઢડા તાલુકામાં મોટા પ્રમાણમાં કપાસનું વાવેતર થાય છે. આ વર્ષે ખેડૂતોએ ૧૮ હજાર હેક્ટરની આસપાસ કપાસનું વાવેતર કર્યું હતું. જો કે સુકારાના રોગને કારણે ગીર વિસ્તારના ખેડૂતોનો કપાસનો પાક સુકાઈ ગયો છે. સુકારાના રોગને કારણે ખેડૂતોને પ્રતિ વિઘા ૧૮થી ૧૯ હજારનું નુકસાન થયું છે. બીજી બાજુ આ રોગને લઈ કૃષિ વિજ્ઞાન કેન્દ્રનું કહેવું છે કે વહેલી પાકતી જાતોમાં આ સમસ્યા જોવા મળી રહી છે. ત્યારે આગોતરૂ વાવેતર થવાથી મોટાભાગના કપાસના ખેડૂતોને નુકસાન થઈ રહ્યું છે. અગાઉ ગીર સોમનાથમાં મોટા પ્રમાણમાં કપાસનું વાવેતર થતું હતું. જો કે ગુલાબી ઈયળ સહિતના રોગોને કારણે કપાસનું વાવેતર ઘટ્યું છે. તેવામાં સુકારાના રોગને કારણે ખેડૂતોને વ્યાપક નુકસાન સાથે જિલ્લામાં કપાસનું ઉત્પાદન ખુબ જ ઓછું થાય તેવી શક્યતા છે. ખેડૂતો જણાવી રહ્યાં છે કે, કપાસના પાક પાછળ ઘણી મહેનત કરી તેમજ રૂપિયા ખર્ચી પાક તૈયાર કર્યો છે. હવે જયારે આ પાકમાંથી પૈસા ઉભા કરવાના સમયમાં આ રોગ આવી જતા અમારી મહેનત અને પૈસા ઉપર આ રોગ ફરી વળ્યો છે. જો કે હાલ આ રોગથી અમે ખેડૂતો મુઝવણમાં મુકાયા છીએ. ખેડૂતોની માંગ છે કે, આ મામલે સરકાર યોગ્ય પગલાં ભરે.

# કોમર્શિયલ LPG, ડોમેસ્ટિક નેચરલ ગેસ, જેટ ફ્યુઅલના ભાવમાં વધારો આ ભાવવધારાને લીધે ફુગાવો વધશે અને ગ્રાહકો ઉપર વધુ બોજ પડશે

નવી દિલ્હી, તા.૪

જાહેર ક્ષેત્રની તેલ અને ગેસ કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડે કોમર્શિયલ એલપીજી અથવા લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસના ભાવમાં વધારો કર્યો છે. આ નવી કિંમતો ૧ ઓકટોબરથી અમલમાં આવવાની સાથે જ ભાવમાં ૨૦૯ રૂપિયા પ્રતિ સિલિન્ડરનો વધારો કરવામાં આવ્યો છે. સ્થાનિક એલપીજીની કિંમતમાં હજુ સુધી કોઈ ફેરફાર થયો નથી. સરકારે ૨૯ ઓગસ્ટના રોજ સ્થાનિક એલપીજીના ભાવમાં રૂા.૨૦૦નો ઘટાડો કર્યો હતો અને તેને ‘રક્ષાબંધન ભેટ’ તરીકે રજૂ કર્યો હતો.

મનીકંટ્રોલના અહેવાલ મુજબ દિલ્હીમાં ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની છૂટક કિંમત હવે ૧૭૩૧.૫૦ રૂપિયા થશે. ચેન્નાઈમાં નવી કિંમત રૂા.૧૮૯૮ પ્રતિ સિલિન્ડર છે. સપ્ટેમ્બરમાં તે ૧૬૮૫ રૂપિયા પ્રતિ સિલિન્ડર હતી. એલપીજીનો ઉપયોગ રસોઈ માટે, મોટરના ઈંધણ તરીકે અને ગરમી તેમજ ઠંડક (રેફ્રિજરેશન) હેતુઓ માટે અને અમુક ઉદ્યોગોમાં પણ થાય છે.

આ ભાવવધારો મોંઘવારી દરને અસર કરશે કારણ કે, આ વધેલી કિંમતનો ભાર ગ્રાહકો ઉપર આવશે અને જો તેને જરૂરી વપરાશની વસ્તુઓ સાથે જોડવામાં આવે તો તે તમામ નાગરિકોના ખિસ્સાને નુકસાન થશે. લોકો સતત એવી ફરિયાદ કરે છે કે, મોદી સરકારના કાર્યકાળ દરમ્યાન આંતરરાષ્ટ્રીય ક્રૂડના ભાવ નીચા હોવા છતાં ગ્રાહકો માટે ઈંધણના ભાવ હજુ પણ વધુ છે. તેની આબકારી જકાત અને સેસ, એ સરકાર (કેન્દ્ર)ની આવકમાં વધારો કરે છે. હવે વધતી જતી આંતરરાષ્ટ્રીય કિંમતોને ટાંકીને આ મોંઘવારી હજુ પણ નાગરિકોને ભોગવવી પડશે.

કેન્દ્ર સરકાર દ્વારા ઘરેલુ કુદરતી ગેસના ભાવમાં પણ વધારો કરવામાં આવ્યો છે. પેટ્રોલિયમ અને નેચરલ ગેસ મંત્રાલય દ્વારા જારી કરાયેલા નોટિફિકેશન મુજબ, પ્રતિ મેટ્રિક મિલિયન બ્રિટિશ થર્મલ યુનિટ (mmBtu) $8.60થી વધીને હવે $9.20 પ્રતિ mmBtu થશે. આ ભાવ વધારો સતત બીજા મહિને થયો છે. સપ્ટેમ્બરમાં પ્રતિ એમએમબીટીયુ કિંમત $7.85થી વધારીને $8.60 કરવામાં આવી હતી.

વિશ્વના ચાર મોટા ગેસ ટ્રેડિંગ હબહેનરી હબ, અલ્બાની, નેશનલ બેલેન્સિંગ પોઈન્ટ (યુકે) અને રશિયન ગેસની કિંમતો નક્કી કરતી હતી અને સ્થાનિક ગેસની કિંમત નક્કી થતી હતી. આ ભાવ છ મહિના માટે નક્કી કરવામાં આવતા હતા પણ ભારત સરકાર દ્વારા અપનાવવામાં આવેલી નવી ફોર્મ્યુલા મુજબ, હવે દર મહિને ભારતીય ક્રૂડ બાસ્કેટના ભાવના આધારે સ્થાનિક કુદરતી ગેસની કિંમત નક્કી કરવામાં આવે છે.




જેટ ફ્યુઅલ અથવા એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF)ના ભાવમાં પણ ૫%નો વધારો કરવામાં આવ્યો હતો. ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ, સ્થાનિક એરલાઈન્સ માટે એટીએફ, આ વર્ષે સૌથી વધુ ૫% સુધી વધારવામાં આવ્યું છે અને તે ના લીધે તહેવારોની સિઝનમાં હવાઈ ભાડામાં વધારો થઈ શકે છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ભાવમાં વધારો થઈ રહ્યો છે અને આ જુલાઈથી આ સતત ચોથો માસિક વધારો છે.

મોદી સરકારની ઉજ્જવલા યોજના એ મહિલાઓ માટે સસ્તા એલપીજી માટે છે, તેનો હેતુ ધુમાડાથી ચાલતા ચુલ્લામાંથી સ્ત્રીઓને એલપીજી સાથે મહિલાઓને પોસાય તેવા ભાવે રસોઈ બનાવવાનું શક્ય બનાવવા માટે હતું. પરંતુ એલપીજીના વધતા ભાવો ઉપરના ગુસ્સાને કારણે કર્ણાટકમાં ચૂંટણીમાં થયેલા નુકસાન પછી કેન્દ્ર સરકારે ભાવમાં ઘટાડો કરીને તેની મુખ્ય ઉજ્જવલા યોજના સાથે એલપીજીમાં ૨૦૦ રૂપિયાનો ઘટાડો કર્યો હતો પરંતુ વિવેચકોએ દર્શાવ્યું હતું કે, છેલ્લા ત્રણ વર્ષમાં કિંમતમાં થયેલા વધારા સામે આ ઘટાડો સાવ સામાન્ય હતો.

તદ્દુપરાંત, કેન્દ્ર સરકારે ૨૦૧૮-૧૯થી એલપીજી ઉપરની સબસિડી સતત ઘટાડી દીધી છે. સંશોધિત ઈંધણના ભાવમાં વધારો રવિવારથી અમલમાં આવ્યો છે. આજે ફુગાવો RBIની સ્વીકાર્ય બેન્ડવિડ્થ ૨-૬% કરતાં સતત ઉપર રહ્યો છે, જેના લીધે મોટાભાગના લોકોની મુશ્કેલીઓમાં ઘણો વધારો થાય છે. એક ઓટોરિક્ષા ડ્રાઈવરે જણાવ્યું હતું કે, આવશ્યક ચીજવસ્તુઓની વધતી કિંમતો વચ્ચે આ વધારો અનિવાર્ય હતો. પહેલેથી જ CNG અને પેટ્રોલની કિંમતો ઘણી ઊંચી છે અને તેની કિંમતોને કારણે LPG વધુ સારો વિકલ્પ છે. પરંતુ જો તેની કિંમતો પણ સતત વધતી રહેશે તો અમારા માટે આ વ્યવસાયમાં ટકી રહેવું મુશ્કેલ હશે.

### કુમ-કુમ પગલા પડયા, માડી તારા આવવાના એંધાણા થયા

# સોમનાથમાં નવરાત્રીનું કાઉન્ટડાઉન શરૂ



(મિનાક્ષ ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૪

'માડી તારૂં કંકુ ખર્યુ ને સુરજ ઉગ્યો, નવલા નવરાત્રીના નોરતાની રાત ઢુકડી આવી રહી છે ત્યારે સોમનાથ -પ્રભાસ પાટણમાં શેરી, મહોલ્લાઓમાં આગામી નવરાત્રી ભક્તિ, ઉમંગ, ઉત્સાહ અને થનગનાટથી મનાવવા ઠેર-ઠેર સાઉન્ડ ટ્રેક, ખંજરી અને ગીતો-ગરબાઓના સથવારે સ્ટેપ્સ, આરોહ અવરોહ ઘુમવું, હીચ, તાલના સથવારે નાની બાળાઓ, યુવતીઓ તાલીમ લઈ રહી છે.

પ્રાચીન સોમનાથ મંદિર પાસે આવેલ મહાકાલી મંદિર ખાતે ધડીમ-ધડામ, તાલીઓના એક તાલ સાથે આગામી નવરાત્રી માટે રીહર્સલ કરાવતા વિભૂતિ રમેશ ટાંક, અવની મહેષ જેઠવા વતી ચેતના નિલેશ વૈયાટા કહે છે' અમારે ત્યાં ૨૫ થી ૩૦ બહેનો તાલીમ લઈ રહી છે. જેમાં ત્રણ તાલી, ટીટોડો, સમુહ રાસ, ધડા રાસ, સ્વાગત ગીત મુખ્ય હોય છે.

નવરાત્રીના ૧૫ દિવસ અગાઉ અમોએ આ તાલીમ શરૂ કરી છે. જેમાં મહાકાલી મંદિરના પૂજારી નિલકંઠ જાનીનો સહયોગ મળેલ છે. પ્રભાસ પાટણના પાટચકલા વિસ્તારમાં શ્રધ્ધા મયુર ત્રિવેદી અને નમ્રતા જીજ્ઞેશ ટાંક કહે છે 'અમે આગામી નવરાત્રી માટે કોચીંગ તરીકે બાળાઓ, છોકરાઓને સજજ કરીએ છીએ જેને માટે સીફટ સિસ્ટમ રાખી છે. મને આ બાબતનો શોખ છે અને મારી પુત્રી હેતવી મયુર ત્રિવેદી ૩૧ વાર પ્રિન્સેસ નવરાત્રીમાં વિજેતા બનેલ છે. કલાસમાં શીખડાવવાનું મારૂં આ બીજું વર્ષ છે. નવા સ્ટેપ, હુડો, પ્રાચીન, અર્વાચીન ગરબીઓમાં લય, તાલ, ઝડપ, ભાવદર્શન, એકસુરતા અમો ટેપ રેકોર્ડરના સથવારે તાલીમ આપીએ છીએ.

૧૦મી તારીખે આ રીહર્સલ પુરૂં થશે. કેટલાક નવા આગંતુકોને ત્રણથી ચાર દિવસમાં જ સુસજજ ખેલૈયા તરીકે કેળવેલ છે. ત્યારબાદ આ ગામ નાનું હોય જેથી વ્યાજબી કિંમતે ડ્રેસ ભાડે આપવા, બ્યુટીપાર્લર સજજ થવા વિગેરે સેવાઓમાં પણ હું કાર્યરત રહું છું.

વેરાવળ-પાટણના વિવિધ વિસ્તારોમાં પણ ગરબાની રીહર્સલ ચાલી રહી છે. રીહર્સલમાં ભાગ લેતી બહેનોમાં એકાગ્રતા, સજજતા અને સમર્પણતા જોતા આગામી નવરાત્રીમાં શહેરી ચોક બનશે ચાચર ચોક, દુહા, છંદ, સ્તુતી, ગરબા, ધ્રીજબાંગ ઢોલના ધબકારા અને રાસની રમઝટોથી ભૂમિ માતૃમયી બની જશે.

### પ્રભાસ પાટણના સોમપુરા બ્રાહ્મણ પરિવારના યુવા બાળ કલાકારે

# વિદેશની ધરતી ઉપર નવરાત્રીના રાસ-ગરબાની રમઝટ બોલાવી ભારતીય સંસ્કૃતિનો ડંકો વગાડયો



(મિનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૪

સોમનાથ -પ્રભાસ પાટણમાં મેઈન બજાર ઠાકોર મંદિર સામેની ગલીમાં રહેતા સોમપુરા બ્રાહ્મણ સમાજના બાળ યુવા કલાકાર સ્નેહલ ભટ્ટ (ઉ.વ.૧૭) એ સોમનાથથી જોજનો માઈલ વિદેશની ધરતી મલેશિયામાં નવરાત્રીના રાસ-ગરબાની રમઝટ બોલાવી દર્શકોના મન મોહી લઈ સોમપુરા બ્રાહ્મણ સમાજ-પ્રભાસ પાટણ અને પ્રભાસ પાટણ સહિત ગુજરાત અને દેશનું ગૌરવ વધાર્યુ છે.

આ અંગેની વિગત એવી છે કે, રૂષીત ભટ્ટ અમદાવાદ ખાતે છેલ્લા સાત વર્ષથી પનઘટ પર્ફોમીંગ આર્ટસ ગ્રુપમાં કલા તપસાધના કરી અને જે તપસ્યા ભગવાન સોમનાથ અને માતા-પિતાના આશીર્વાદથી ફળી. અમદાવાદનું પનઘટ પર્ફોમીંગ આર્ટસ ગ્રુપ દર વર્ષે નવરાત્રી પુર્વે વિદેશમાં રાસ-ગરબાની રમઝટ બોલાવવા જાય છે. રૂષીત હવે તેનો સભ્ય બની ચુકયો છે અને તા.૨૧ થી ૨૬ સપ્ટેમ્બર,૨૦૨૩ સુધી મલેશિયામાં લોકનૃત્ય ફેસ્ટીવલ યોજાયો હતો જેમાં અમદાવાદથી ગયેલા ૧૨ કલાકારોમાં તે સૌથી નાની વયનો હતોલ અને પોતાની ઉત્કૃષ્ટ કલાને કારણે જીંદગીમાં પ્રથમવાર વિદેશ પ્રવાસમાં પસંદગી થઈ હતી. જયાં તેને નવરાત્રીના રાસ-ગરબાની વિવિધ વેષભૂષા, ડ્રેસ સજાવટથી સંગીત, ઝળહળતા લાઈટોના શેરડાઓ-હલકદાર નરવા કંઠે ગવાતા ભારતના નવરાત્રી ગરબાઓને સથવારે 'પંખીડા..રે ઉડી.. જાજે..' સહિતના અનેક ગરબા તેના કલાવૃંદે અને તેને પ્રસ્તુત કર્યા કે લોકોના આકર્ષણ અને તાલીઓના ગડગડાટથી ત્યાં વધાવી લેવાયા હતા.

### વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલના હસ્તે

# વાઘ બકરી ટી ગ્રુપને મળ્યો 'મોસ્ટ એન્ડ્યોરિંગ બ્રાન્ડ' એવોર્ડ




(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૪

દ ઈન્ડિયન ફેમિલી બિઝનેસ એવોર્ડસ એક પ્રતિષ્ઠિત મંચ ભારતીય વેપારના સ્વરૂપ અને વિકાસમાં મહત્વના બની રહેનારા પરિવાર સંચાલિત ઉદ્યમોને બીરદાવે અને પ્રશંસા કરે છે. પરિવાર સંચાલિત વેપારો દીર્ઘ કાળથી ભારતના કૉર્પોરેટ સ્ટ્રક્ચરનો આધાર રહ્યા છે, જે પ્રશંસનીય લવચિકતા અને ચીરકાલિતા પ્રદર્શિત કરે છે. આ એવોર્ડસ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલ દ્વારા રાષ્ટ્રના વિકાસમાં તેમની અસામાન્ય સિદ્ધિઓ અને મહત્વની ભૂમિકાને બીરદાવતા આપવામાં આવ્યાં હતાં. ફેમિલી બિઝનેસ એવોર્ડસના હાલમાં જ યોજાયેલા સમારોહમાં વાઘ બકરી ટી ગ્રુપને જ્યુરીના વિશેષ મોસ્ટ એન્ડ્યોરિંગ બ્રાન્ડનો એવૉર્ડ આપવામાં આવ્યો હતો. વાઘ બકરી ટી ગ્રુપ વતી શ્રી રશેષ દેસાઈ, એમડી, પરાગ દેસાઈ, ઈડી અને પારસ દેસાઈ, ઈડીએ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલના હસ્તે એવોર્ડ પ્રાપ્ત કર્યો હતો. આ એવૉર્ડ સમારોહમાં ૧૭ શ્રેણીઓમાં મહત્વાકાંક્ષી અને નિપૂણતામાં શ્રેષ્ઠ એવાં પારિવારીક વેપારોને સમ્માનિત કરવામાં આવ્યાં હતાં. આ વર્ષની પ્રતિષ્ઠિત જ્યુરીમાં ઉદ્યોગના માંધાતાઓ જમ કે ગોપાલ નિવાસન, ટીવીએસ કેપિટલ ફંડ્સ લિ.ના ચેરમેન સંજીવ બિખચંદાની, ઈન્ફો એજના સ્થાપક ગૌરવ દાલમિયા, દાલમિયા ગ્રુપ હોલ્ડિંગ્સના ચૅરમેન, વિશેષ સી ચંડિયોક, ગ્રાંટ થ્રોન્ટોન ભારતના સીઈઓ; સૌમ્યા રાજન, વોટર ફીલ્ડ એડવાઈઝર્સના સ્થાપક અને સીઈઓ તેમ જ સોનુ ભાસિન, એફએબી- ફેમિલીઝ એન્ડ બિઝનેસીસના સ્થાપક સામેલ હતાં. આ અવસરે બોલતા શ્રી રશેષ દેસાઈ એમડી, વાઘ બકરી ટી ગ્રુપે આભાર વ્યક્ત કરતા કહ્યું, "આ એવૉર્ડ વાઘ બકરી ટી ગ્રુપની પારિવારીક વેપારના ક્ષેત્રે પ્રતિબદ્ધતા, દ્રઢતા અને ઉત્કૃષ્ટતાનું પ્રમાણ છે. આ અમારી બેજોડ પ્રતિબદ્ધતા, મજબૂત નેતૃત્વ તેમ જ મૂલ્યો અને પરંપરા કાયમ રાખવાની કટિબદ્ધતાનો સ્વીકાર કરે છે. વાઘ બકરી ટી ગ્રુપ આ પુરસ્કાર વાઘ બકરી ચાનાના કરોડો વફાદારો અને વ્યાપારિક સહયોગિયોને સમર્પિત કરે છે, જેમણે બ્રાન્ડમાં અટૂટ વિશ્વાસ દર્શાવ્યો છે અને આ ગ્રુપને એક સદી કરતા વધુ સયમથી તેની ઉત્તમ ગુણવત્તા ધરાવતી ચા દ્વારા દેશની સેવા કરવા માટે પ્રોત્સાહિત કર્યા છે. વાઘ બકરી ટી ગ્રુપ જે તેની પ્રીમિયમ ચા માટે વિખ્યાત છે તે ૧૮૯૨થી ચાના વેપારમાં સંકળાયેલ છે. આજે, વાઘ બકરી ટી ગ્રુપ તેના છત્ર હેઠળ ભારતમાં અગ્રણી પૅકેજ્ડ ટી કંપનીઓ માંથી એકની માલિકી ધરાવે અને સંચાલન કરે છે, જે વાર્ષિક રૂા.૨૦૦૦ કરોડનું ટર્નઑવર અને ૪૭ મિલિયન કિગ્રા ચાનું વિતરણ કરે છે. આ ગ્રુપ વિશ્વ ભરમાં ચાની નિકાસ અને રિટેલ ગ્રાહકોની બાબતે અગ્રણી છે. વિશ્વ ભરમાં મોટી સંખ્યામાં વાઘ બકરી ચાના ચાહકો સાથે આ વાસ્તવમાં એક વૈશ્વિક બ્રાન્ડ તરીકે વિકસી છે અને ૬૦થી વધુ દેશોમાં ઉપલબ્ધ છે. આ ગ્રુપ ગુજરાતમાં નિર્વિવાદ માર્કેટ લીડરશિપ ધરાવે છે અને રાજસ્થાન, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, છત્તીસગઢ, ગોવા, નવી દિલ્હી, હરિયાણા, પંજાબ, ચંદીગઢ, ઉત્તરાખંડ, હિમાચલ, જમ્મુ અને કાશ્મીર, આંધ્ર પ્રદેશ, તેલંગાણા, કર્ણાટકામાં પ્રબળ ઉપસ્થિતિ ધરાવે છે. ગ્રુપે હાલમાં જ તામિલનાડુ, ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, ઓડિશા અને આસામમાં પ્રવેશ કર્યો છે.

# સૌરાષ્ટ્રના માર્કેટિંગ યાર્ડમાં નવી મગફળીની આવકના પગલે તેલના ભાવમાં ઘટાડો

### સિંગતેલના ભાવમાં ડબ્બે ૧૫ રૂપિયાનો ઘટાડો થતાં ભાવ ૩ હજાર થયો



રાજકોટ,તા.૪

તહેવારોની સીઝન ટાંણે જ ગુજરાતમાં તેલના ભાવ લોકોને રડાવી રહ્યાં છે. સિંગતેલનો ડબ્બો ૩૧૭૦ને પાર પહોંચ્યો હતો. ત્યારે હવે તેલના ભાવમાં થોડી રાહત થઈ છે. રાજકોટ સીંગતેલના ભાવમાં ડબ્બે રૂપિયા ૧૫ નો ઘટાડો થયો છે. સંગ્રહ ખોરોએ જુનો જથ્થો વેચવાનું શરૂ કરતાં ભાવમાં ઘટાડો થયો છે. સીંગતેલના ભાવમાં ઘટાડો થતા રાજકોટ સીંગતેલનો ડબ્બો ૩૦૦૦ એ પહોંચ્યો છે. છેલ્લા દસ દિવસથી સીંગતેલના ભાવમાં સતત ઘટાડો થઈ રહ્યો છે.

રાજકોટ સહિત સૌરાષ્ટ્રના માર્કેટિંગ યાર્ડમાં નવી મગફળીની આવકના પગલે તેલના ભાવમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. આમ, ટૂંક સમયમાં સીંગતેલની સીઝન અને શરૂઆત થશે ત્યારે હજી આવતા દિવસોમાં ભાવ ઘટે તેવી શક્યતા છે. ગુજરાતમાં હવે તહેવારનો માહોલ છે. રાજ્યમાં ૩.૫૦ કરોડ ગરીબો છે ત્યાં તેલિયા રાજાઓ આ ગુજરાતીઓનું તેલ કાઢી રહ્યાં છે. ગુજરાતમાં મગફળીની મબલક આવક સામે ખેડૂતોને પાકના ભાવ મળી રહયાં નથી પણ તેલિયા રાજાઓ બેફામ તેલના ભાવ વધારી રહ્યાં છે અને સરકાર મૂકપ્રેક્ષક બનીને બેઠી છે. સસ્તી મગફળી વચ્ચે તેલના ભાવ કેમ ઉંચકાય એ ગણિત ઘણાને ગળે ઉતરી રહ્યું નથી. સ્ટોક કરીને તેલિયા રાજાઓ અછત બતાવી ગુજરાતીઓનો ફાયદો ઉઠાવી રહ્યાં છે. ગુજરાતમાં પાકતી મગફળીના સિંગતેલનો ભાવ સતત વધી રહ્યો છે.


ખેડૂતોને ઉંચા ભાવ મળવાના કારણે પડતર વધતાં સિંગતેલના ભાવ વધવાના ગણિતો સમજાય પણ ખેડૂતોને ટેકાના ભાવથી પણ ઓછા ભાવ મળી રહ્યાં છે અને સિંગતેલના ભાવ વધે એ કાળાબજારી છે. સરકાર આ બાબતને સારી રીતે જાણતી હોવા છતાં પણ આ મામલે ચૂપકીદી સાધી લેવાની સાથે તેલિયા રાજાઓને ખુલ્લેઆમ પરવાનો આપી દીધો છે.સિંગતેલના વધતા ભાવ પર જીંસ્છ દ્વારા જણાવાયું કે, મગફળીની અછતના કારણે પીલાણમાં નથી આવતી. આ વર્ષે મગફળીના વાવેતરમાં ઘટાડો થયો છે. ઉત્પાદનની સામે માંગમાં વધારો થતા સિંગતેલના ભાવ વધ્યા છે.

# કામ ન કરતા અધિકારીઓને તગેડી મૂકશે રાજ્ય સરકાર

ગાંધીનગર, તા.૪

સરકારી ઓફિસોમાં બાબુઓ કામ નથી તેવી ફરિયાદો આજકાલની નથી, જૂની છે. લોકોના કામની ફાઈલો વધતી જાય છે, છતાં સરકારી અધિકારીઓના પેટનું પાણી હાલતું નથી. આવામાં હવે સરકાર આવા સરકારી બાબુઓ પર લગામ લગાવવાનું વિચારી રહી છે. ગુજરાતના જુદા જુદા વિભાગોમાં ફરજ બજાવતા ક્લાસ-૧ અને ક્લાસ-૨ ના ૫૫ વર્ષથી ઉપરના નિષ્ક્રીય અધિકારીઓની હકાલપટ્ટી કરાશે. તેઓને જલ્દી જ નોકરીમાઁથી કાઢી મૂકવાનો તખ્તો તૈયાર કરઆશે. આ માટે સામાન્ય વિભાગ દ્વારા ૨૯ સપ્ટેમ્બરના રોજ સૂચના જાહેર કરવામાં આવી છે. આ સૂચના બહાર આવતા જ સરકારી કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે. સરકારે નક્કી કર્યુ છેકે, ૫૦ થી ૫૫ વર્ષની વયે આવા અધિકારીઓને સેવા નિવૃત્ત કરવાની સત્તા મળી છે. તેથી અગાઉની સૂચના રદ કરીને હવે તેમાં નવા માપદંડ ઉમેરાયા છે. સરકારી કર્મચારીઓને ૫૦-૫૫ વર્ષની ઉંમરે નિવૃત્ત કરી શકાશે, યોગ્ય કામગીરી ન જણાય તો સરકારી કર્મચારીને નિવૃત્ત કરી શકાશે તેવી સત્તા સરકાર પાસે છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આ મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. જેમાં કર્મચારીની સેવાઓની સમીક્ષાના આધારે સરકાર પાસે નિર્ણય લેવાની સત્તા છે. આ સમીક્ષા સમયે કર્મચારીની સમગ્ર અને કામગીરીના રેકોર્ડને ધ્યાનમાં લેવાશે. સાથે જ જો સરકારીની કામગીરી શંકાસ્પદ હશે તો તેને સરકાર સામેથી જ નિવૃત્ત કરી શકશે. સાથે જ જો કર્મચારી સરકારી ઓફિસ માટે બિનઅસરકાર જણાશે તેને પણ નિવૃત્તિ આપી દેવાશે. તેમાં એક જોગવાઈ એવી છે કે, સામાન્ય રીતે બિનઅસરકારકતાના આધારે નિવૃત્ત કરી શકાય તેવુ નથી. તેથી આવા કેસમાં એક વર્ષના સમયગાળામાં વિચારણા કર્યા બાદ જ નિવૃત્તિ આપવામાં આવશે. સરકારના આ નિર્ણયથી સરકારી કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે. તેથી સરકારી કર્મચારીઓને પોતાની યોગ્યતા દાખવવી પડશે, નહિ તો સરકાર ગમે ત્યારે હાંકી કાઢશે. પોતાનુ પદ અને નોકરી ચાલુ રાખવી હોય તો કામ કરવુ પડશે. સરકારી કર્મચારીઓની ત્રિમાસિક કવાયત ક્યારેય કરવી તે પણ નક્કી કરાયું છે. આ માટે એક રજિસ્ટર તૈયાર કરીને જે તે વિભાગ કે સંવર્ગના વરિષ્ઠ અધિકારી દ્વારા તેની શિડ્યુલ મુજબ કર્મચારીઓની નિવૃત્તિ કે પ્રિમેચ્યોર નિવૃત્તિની તપાસ અને સમીક્ષા કરાશે.

# અમેરિકાના ૩૦ યુવાનોએ ભક્તિ માટે જીવન સમર્પણ કરવાની પ્રતિજ્ઞા લીધી



અમદાવાદ,તા.૪

**BAPS** સ્વામિનારાયણ અક્ષરધામ રોબિન્સવિલે, ન્યૂજર્સીની પાવન ભૂમિમાં તારીખ ૨ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ, એક અભૂતપૂર્વ અને હૃદયસ્પર્શી દિક્ષાદિન યોજાયો. આ સમારોહમાં યુનાઈટેડ સ્ટેટ્સ, કેનેડા અને ભારતમાં જન્મેલા અને ઉછરેલા ૩૦ સુશિક્ષિત યુવાનોએ એક નવા જીવનની શરૂઆત કરી - નિઃસ્વાર્થ સેવાની પરિવર્તન યાત્રાની. દીક્ષા દિન તેમના જીવનમાં એક અસાધારણ પ્રકરણ ચિહ્નિત કરે છે, જે અતૂટ શ્રદ્ધા, એકતા અને ભક્તિ દ્વારા માર્ગદર્શિત માર્ગ માટે પ્રતિબદ્ધતાનું પ્રતીક છે. દીક્ષા દિન માત્ર એ એક પ્રસંગ નથી પરંતુ તે આ ૩૦ યુવાન પુણ્યા આત્માઓની અદમ્ય ભાવનાનો પુરાવો છે જેઓ પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓ અને કંપનીઓમાં અભ્યાસ અને વ્યવસાયોના વિવિધ ક્ષેત્રોને અનુસર્યા છે. આ નવયુવાનોમાં થી ઘણા એવા યુવાનો છે કે જેઓ તેમના માતાપિતાના એકમાત્ર સંતાન છે, જે દર્શાવે છે કે તેમના માતા પિતાએ સમાજ કલ્યાણ અને લોકોની નિઃસ્વાર્થ ભાવે સેવા કરવા માટે પોતાના વ્હાલસોયા પુત્રોને રાજીખુશી સાથે દિક્ષા લેવાની પરવાનગી આપી છે જેથી તે યુવાનો પોતાની આધ્યાત્મિક પ્રગતિની સાથે સાથે અનેક લોકોના જીવન પરિવર્તન કરવામાં અતુલ્ય યોગદાન આપી શકે. આ સાધુ સમાજ એ નિઃસ્વાર્થ સેવા માટે સમર્પિત છે તેમજ માનવતાના ઉત્થાન માટે જરૂરી એવા નમ્રતા, કરુણા અને અતૂટ સમર્પણના મૂલ્યોનું ઉદાહરણ આપે છે. તે ઊંડી માન્યતાને દર્શાવે છે કે વ્યક્તિગત બલિદાન દ્વારા, નોંધપાત્ર સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકાય છે—એવી સિદ્ધિઓ જે સમાજ પર કાયમી હકારાત્મક અસર કરે છે. પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજના નેતૃત્વમાં યોજાયેલા સમારોહમાં તમામ યુવાનોને વૈદિક દીક્ષા મંત્રો આપવામાં આવ્યા હતા. દીક્ષા દિનનો સાર હિંદુ ધર્મના ઊંડા મૂલ્યોમાં રહેલો છે જેને આ યુવાનોએ જાળવી રાખવાનું પસંદ કર્યું છે. તે હેતુપૂર્ણ જીવન જીવવા માટેની તેમની પ્રચંડ પ્રતિબદ્ધતા દર્શાવે છે, જ્યાં અન્યોની સેવાને અગ્રતા આપવામાં આવે છે અને સમુદાયની સુખાકારી તેમની સર્વોચ્ચ પ્રાથમિકતા બની જાય છે. નવદિક્ષિત યુવાનોને મહંત સ્વામી મહારાજે અંતઃકરણ પૂર્વક આશીર્વાદ આપ્યા કે "તમારા મનમાં ભગવાન અને સમાજની સેવા કરવાનું પૂર્વનિર્ધારિત હતું, નહીં તો આજે તમે અહીં બેઠા ન હોત. અહીંથી ઘણું કામ કરવાનું બાકી છે. તમારી સેવા દ્વારા ભગવાનને પ્રાપ્ત કરવાના આ આધ્યાત્મિક માર્ગ પર તમે સફળ થાઓ એવા આશીર્વાદ છે.આ સુશિક્ષિત નવયુવાનો અક્ષરધામના ઉપદેશોને તેમની નવી આધ્યાત્મિક સફરમાં ચરિતાર્થ કરવાની પ્રેરણા સાથે લઈ જાય છે, તેઓ આ પવિત્ર સ્થાનમાં રહેલા નિઃસ્વાર્થ પ્રેમ અને એકતાના સાર્વત્રિક સંદેશાઓના તેજસ્વી ઉદાહરણ તરીકે સેવાકાર્ય બજાવશે." તે જ દિવસે સાંજે, અક્ષરધામ મહામંદિરમાં આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસની ઉજવણી માટે "જીવનમૂલ્યો તેમજ અહિંસા" નામના સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થયું હતું. સમગ્ર ઉત્તર અમેરિકામાંથી ભક્તો અને શુભેચ્છકો સત્ય, અહિંસા અને સમાનતા સહિતના હિંદુ ધર્મના મુખ્ય સિદ્ધાંતોની ચર્ચા કરવા માટે એકત્ર થયા હતા. આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ મહાત્મા ગાંધીના જીવન અને કાર્યનું સન્માન કરે છે, જેમણે ભારતની આઝાદી માટેના સફળ પ્રયાસોમાં અહિંસક પ્રતિકારનો સફળ ઉપયોગ કર્યો હતો.

# નવસારીમાં સાધ્વી પ્રાચીનાં કોંગ્રેસ પર આકરા પ્રહાર

### ખૂની પંજાને કારણે દેશનું વિભાજન અને ૭૦ વર્ષ સુધી દેશની દુર્ગતિ થઈ : સાધ્વી ડૉ. પ્રાચી



નવસારી,તા.૪

નવસારીમાં શોર્ય યાત્રા બાદ આયોજિત કરાયેલી ધર્મ સભામાં સાધ્વી ડૉ.પ્રાચી દીદીએ વિવાદિત નિવેદન આપ્યું છે. સનાતનીની વાત સાથે સાધ્વીએ રાજનીતિની વાત પણ કરી. સાધ્વી ડૉ. પ્રાચી દીદીએ કોંગ્રેસનું નામ લીધા વિના પંજાને ખૂની પંજો ગણાવ્યો. તેમણે કોંગ્રેસનું નામ લીધા વગર પંજાના નિશાનને ખૂની પંજો કહ્યો. તેઓએ કહ્યું કે, ખૂની પંજાને કારણે દેશનું થયું વિભાજન. ૭૦ વર્ષોમાં આ ખૂની પંજાએ દેશને દુર્ગતિના છેડે પહોંચાડ્યો. દેશની અખંડિતતાને તોડવા માટે આતંકવાદ, લવ જેહાદ સહિત ધર્મને અભડાવવા સુધીના કૃત્યો થઈ રહ્યા છે, ત્યારે હિન્દુસ્તાનના વિભાજન અને દેશને દુર્ગતિના અંતિમ છેડે લઈ જવામાં ખૂની પંજાનો હાથ હોવાના ગંભીર આક્ષેપો નવસારીમાં શૌર્ય યાત્રાના સમાપન વેળા યોજાયેલી ધર્મસભામાં સાધ્વી ડૉ. પ્રાચી દીદીએ કર્યા હતા. સાથે જ તેમણે ભારતને હિન્દુ રાષ્ટ્ર બનાવવાનો સંકલ્પ પણ કર્યો હતો. ભગવાન શ્રીરામના જન્મ સ્થળ માટે સેંકડો વર્ષોની લડત બાદ અયોધ્યામાં ભવ્ય શ્રીરામ મંદિર તૈયાર થયુ છે. જાન્યુઆરી ૨૦૨૪ માં ભગવાન શ્રી રામ લલ્લા નવનિર્મિત મંદિરમાં બિરાજશે. એ પૂર્વે શ્રીરામ મંદિર માટે થયેલા સંઘર્ષ અને બલિદાનો આજની યુવા પેઢી જાણે તેમજ સનાતનીઓને જાગૃત કરવાના ઉદ્દેશ્ય સાથે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સમગ્ર રાષ્ટ્રમાં શૌર્ય યાત્રા કાઢવામાં આવી છે. નવસારીમાં પણ બે દિવસ શૌર્ય યાત્રા જિલ્લાના મુખ્ય મથકોએ ફરી ગત રોજ નવસારી વિજલપોર શહેરમાં ફરી હતી. શૌર્ય યાત્રાને પ્રખર વક્તા અને સાધ્વી ડૉ. પ્રાચી દીદી અને નવસારીના ધારાસભ્ય રાકેશ દેસાઈના હસ્તે પ્રસ્થાન કરાવવામાં આવી હતી. જે શહેરના રાજમાર્ગો ઉપર ફરી શાંતાદેવી રોડ સ્થિત સોમનાથ મહાદેવ મંદિરે પહોંચી હતી. જ્યાં તીખી વાણી માટે જાણીતા સાધ્વી ડૉ. પ્રાચી દીદી અને ડાંગના સાધ્વી યશોદા દીદીએ હિન્દુ ધર્મ, સંસ્કૃતિને તોડવા માટે થઈ રહેલા પ્રયાસો, લવ જેહાદ સાથે જ લેન્ડ જેહાદ, ફૂડ જેહાદ ફેલાવનારા જેહાદીઓની સામે ધર્મને બચાવવા માટે જરૂર પડ્યે હથિયાર ઉઠાવવા હાંકલ કરાઈ હતી.આ ધર્મ સભામાં સાધ્વી ડૉ. પ્રાચી દીદીએ કોંગ્રેસનું નામ લીધા વિના ખૂની પંજાને કારણે દેશનું વિભગાજન અને દુર્ગતિ થઈ હોવાના આક્ષેપો લગાવ્યા હતા. જેથી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર સાથે પાંચમા સન્યાસી ભળીને મુઠ્ઠી બને, તો ભલભલા હારી જતા હોય છે. જ્યારે હાલમાં બનેલા **INDIA** ગઠબંધનને વર્ષો અગાઉ ભારતને ગુલામ બનાવનાર ઈસ્ટ ઈન્ડીયા કંપની સાથે સરખાવ્યું હતું. આ સાથે જ તેમણે અનેક મુદ્દે ધર્મ પર થયેલા કઠુરાઘાત સામે આક્રોશ વ્યક્ત કરી જાગૃત થવા હાંકલ કરી હતી.ધર્મસભામાં વિધર્મીઓ દ્વારા હિન્દુ યુવતીઓને યેનકેન પ્રકારે ફસાવી ચલાવતા લવ જેહાદ સાથે જ હિન્દુઓ ઉપર થતા હુમલાઓ મુદ્દે ડાંગના યશોદા દીદીએ આક્રોશ ઠાલવ્યો હતો. તેમણે ગોધરા કાંડની આગને યાદ કરી હિન્દુ માર ખાય, પણ જ્યારે હિન્દુનો દીકરો જાગૃત થાય તો વિધર્મીઓના માથા ધડથી અલગ કરવાની તાકાત રાખે હોવાની વાત સાથે આ શૌર્ય યાત્રા યુવાનોને જાગૃત કરવા માટે જ છે હોવાની માહિતી આપી હતી. નવસારીમાં યોજાયેલી ધર્મ સભામાં સનાતન ધર્મ ઉપર યેનકેન પ્રકારે થઈ રહેલા પ્રહારો સામે જાગૃત થઈ ભારતને હિન્દુ રાષ્ટ્ર બનવા માટેનો સંકલ્પ પણ લેવામાં આવ્યો હતો.


# જૂનાગઢમાં વોંકળા ઉપર થઈ રહેલું ધમધોકાર બાંધકામ : મનપાનાં સત્તાધિશોની રહેમ નજર



જૂનાગઢ તા. ૪

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જૂનાગઢની મુલાકાત દરમ્યાન સત્તાધીશોને સ્પષ્ટપણે ગેરકાયદેસર બાંધકામો અને વોંકળા ઉપરના દબાણો દુર કરવા જણાવી દીધું હતું તેમ છતાં જૂનાગઢ મનપાનું તંત્ર લોલીપોપની માફક નોટીસો ઉપર નોટીસો ફટકારે છે. પરંતુ આ નોટીસો આપવાથી કંઈ થતું નથી અને ગેરકાયદેસર બાંધકામ કરનારાનો વાળ પણ વાંકો થતો નથી તેવું જનતા ખુલ્લેઆમ બોલી રહી છે. તાજેતરમાં જ એક સોશ્યલ મિડીયામાં એવા વાયરા વહેતા થયા હતા કે જૂનાગઢમાં સૌ જાણે છે કે, ગેરકાયદેસર બાંધકામ કયાં થયું છે? કોણે કર્યુ છે? અને શું કામ પગલા લેવાતા નથી? તે બાબતથી જનતા માહિતગાર છે. મુખ્યમંત્રી જૂનાગઢ આવ્યા અને પ્રજાની ફરીયાદોના સીલસીલામાં તેઓએ લોકોની તરફેણ કરતા હોય તે રીતનું ઉદ્‌બોધન કર્યુ અને ગુજરાતના મુખ્યમંત્રીએ તમામ જવાબદારી જૂનાગઢ મનપાના કમિશ્નર, મેયર, ડે.મેયર તેમજ જીલ્લા કલેકટર અને વહીવટી તંત્રને માથે નાખી દીધી છે અને થોડામાં ઘણું કહેવામાં આવે તો તેઓને ગેરકાયદેસર બાંધકામો અથવા તો વોંકળાના દબાણો દુર કરવા લીલીઝંડી પણ આપી દીધી છે. બીજીતરફ મનપાના ટાઉન પ્લાનીંગ અધિકારી દ્વારા ૯૯થી વધુ નોટીસો પાઠવવામાં આવી છે પરંતુ આ આવી નોટીસોનો સીલસીલો તો અવાર-નવાર ચાલુજ રહયો હોય છે પરંતુ નકકર કામગીરી કરે નકકર પગલા આજ દિવસ સુધી લેવાયા નથી. ગેરકાયદેસર બાંધકામો દુર થવાનું તો દુર રહયું પરંતુ નવા અનેક પેશકદમીથી થયેલા બાંધકામો સતત વધી રહયા છે અને જૂનાગઢને ફરી એકવાર આફતમાં મુકી દેનાર આ બાંધકામોની આ સમસ્યાને દુર કરવા કોઈ અસરકારક પગલા લેવાશે કે નહીં? તે તરફ જનતાની મીટ છે. અહીં એક તસ્વીર દર્શાવવામાં આવી છે. આ તસ્વીર ઝાંઝરડા ચોકડીથી આગળ જે બાંધકામ થઈ રહયું છે તેની આ તસ્વીર છે. અને વોકળાથી તદન નજીક આ બાંધકામ થઈ રહયું છે. ત્યારે તેની સામે સવાલો ઉઠવા પામ્યા છે કે આ થઈ રહેલા બાંધકામ અંગેની મંજુરી મનપાના કયા અધિકારીએ આપી છે? અને કોના કહેવાથી આ મંજુરી અપાઈ છે તે અંગેનું પોસ્ટમોર્ટમ કરી અને જે તે જવાબદાર અધિકારી અને આ કામગીરી કરવા માટેનું દબાણ કરનારા સામે પણ કડક પગલા ભરવાની માંગણી આમ જનતામાંથી ઉઠી રહી છે. વિશેષમાં મહાનગરપાલિકા શું કામગીરી કરે છે? લોકોની સમસ્યાથી માહિતગાર છે કે કેમ? તેમજ પ્રજાની ફરીયાદોને ઘોળીને પી જાય છે કે કોઈ કામગીરી બતાવી છે? તે અંગેનો એક જાહેર રીપોર્ટ જનતા સમક્ષ મુકવા પણ માંગણી ઉઠવા પામી છે. સ્વચ્છતા અભિયાનમાં જાણે ફેશન પરેડમાં આવ્યા હોય તે રીતે સજી-ધજીને આવેલા નેતાઓએ હાથમાં સાવરણા પકડીને સફાઈનું ખાલી ડીંડક કર્યુ હોવાનું પણ કહેવામાં આવી રહયું છે. અગાઉ પણ થોડા વર્ષો પહેલા સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું અને આપણું શહેર કલીન શહેરના નેજા હેઠળ સારો એવો ખર્ચ કરવામાં આવ્યો હતો. તત્કાલીન કમિશ્નર તુષાર સુમેરાના સમયગાળા દરમ્યાન સ્વચ્છ જૂનાગઢ અંતર્ગત સારી એવી કામગીરી થઈ હતી પરંતુ એ કામગીરીમાં પણ ખુબજ ખર્ચ થયો હોવાના આંકડા હજુ પણ મનપા કચેરીએ સચવાયેલા પડયા છે. કહેવાનો મતલબ એ છે કે, જયારે પણ ગુજરાત સરકાર કોઈ નવી યોજના જાહેર કરે પછી તે ગાંધી જયંતિ અંતર્ગત સ્વચ્છતા અભિયાન હોય કે અન્ય કોઈ કામગીરી જૂનાગઢના નેતાઓનો ઝમેલો પછી તે નાનો કાર્યક્રમ હોય કે મોટો કાર્યક્રમ કે પ્રજાના સેવકો, કોર્પોરેટરો, સાંસદ, ધારાસભ્યથી લઈ જૂનાગઢ જીલ્લાના પ્રભારી પણ આ બધામાં જોડાતા હોય છે અને જાણે ફેશન પરેડમાં આવી અને ફકત ફોટા પડાવવાની જ કામગીરી કરતા હોય તેવું જનતાને લાગી રહયું છે. ૨૦ જુને જૂનાગઢમાં જલ પ્રકોપ થયો હતો એવી ઘટના ફરીવાર ન બને તે માટે જે તૃટીઓ અને જે પાપ બહાર આવ્યું છે એટલે કે વોકળાઓને દબાવી દેવાનું, નદીઓને ટુંકી કરી નાખવાનું, નરસિંહ મહેતા સરોવરને સાંકળું કરી નાખવાનું, આ બધીજ પ્રક્રીયાને પરિણામે લોકોની માથે ગંભીર ખતરો તોળાઈ રહયો છે અને જો આવા દબાણો ન થયા હોત, નદીઓને સાંકળી કરવામાં ન આવી હોત કે નરસિંહ મહેતા સરોવરની ઉંડાઈની ક્ષમતા ઘટાડવામાં ન આવી હોત તો જનતાને માથે કોઈ ભય ન હતો. આ બધીજ બાબતો જનતા સમક્ષ ખુલી છે ત્યારે હવે આવી આફત ફરીવાર ન ટકરાય તો માટે સત્તાધીશોએ પણ કડક પગલા લેવાની આવશ્યકતા અને માંગણી આમ જનતામાંથી ઉઠી રહી છે.

# ઉપરકોટની મુલાકાતે આવેલા પ્રવાસીઓનું સ્વાગત કરાયું




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૪

જૂનાગઢના ઐતિહાસિક ઉપરકોટને ગઈકાલે લોક દર્શન માટે કોર્મશીયલ ધોરણે ખુલ્લો મુકાયો હતો અને નિયત કરેલા ટિકીટના દર મુલાકાતીઓ પાસેથી લેવામાં આવ્યા હતા. પ્રથમ દિવસે ૧,૦૩૪ પ્રવાસીઓ આવ્યા હતા. આવનાર પ્રવાસીઓને ભારતીય પરંપરા મુજબ કુમકુમ તિલક કરી આવકારવામાં આવ્યા હતા. દરમ્યાન વિનામુલ્યે પ્રવેશ અપાયો હતો. ત્યારે રવિવારે જયાં ૫૦,૦૦૦ કરતા વધુ પ્રવાસીઓ ઉપરકોટ ખાતે ઉમટયા હતા ત્યાં મંગળવારે માત્ર ૧,૦૩૪ પ્રવાસીઓ જ આવ્યા હતા. જોકે, રજા પૂરી થઈ છે અને ટિકીટ શરૂ થતા પ્રવાસીઓ ઘટ્યા હોવાનું મનાઈ રહ્યું છે. અત્રે નોંધનીય છે કે ઉપરકોટનું ૭૪ કરોડના ખર્ચે રિસ્ટોરેશન કરાયું છે અને નવીનિકરણ પામેલા ઉપરકોટના ઐતિહાસિક કિલ્લાને ખુલ્લો મુકી દેવામાં આવેલ છે. આગામી દિવસોમાં દિપાવલી અને નૂતન વર્ષના તહેવારી આવી રહ્યા હોય અને દિવાળીના વેકેશન દરમ્યાન પ્રવાસીજનતામાં ભારે વધારો થશે તેમ મનાઈ છે. દરમ્યાન સવાણી હેરીટેઈઝ કન્ઝર્વેટિવ પ્રા.લી.ના જનરલ મેનેજર રમેશ તોતલાણીએ જણાવ્યું હતું કે, મંગળવારે આવનાર પ્રવાસીઓને ભારતીય પરંપરા મુજબ કુમકુમ તિલક કરી આવકારાયા હતા. અહી આવનારા મુલાકાતીઓને માટે વધુને વધુ સુવિધા ઉભી કરવા અને કોઈ જાતની અવગડતા ન પડે તે બાબતનું પણ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. જૂનાગઢવાસીઓ માટે ટિકીટના દરમાં ૫૦ ટકા રાહત આપવામાં આવી છે અને જેને લઈને શહેરીજનોને ઉપરકોટની મુલાકાત લેવા પણ અનુરોધ કરવામાં આવેલ છે. જૂનાગઢ સહિત ગુજરાતમાંથી આવનારા પ્રવાસીઓને ઉપરકોટનો ભવ્ય નજારો નિહાળવાનું ભાવભર્યા નિમંત્રણ સાથે કુછ સમય ગુજારો ઉપરકોટમાંની પંકિત અનુસાર આવકારવામાં આવી રહ્યા છે.

## જૂનાગઢ શહેરનો ઈસમ ભેસાણમાં કટલેરીની દુકાનમાંથી ચોરી કરતા ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૪

જૂનાગઢનો ઈસમ ભેસાણમાં કટલેરીની દુકાનમાંથી ચોરી કરીને નાસી ગયો હતો. પરંતુ વેપારીઓએ તસ્કરને ઝડપી લઈ પોલીસના હવાલે કરી દીધો હતો. ચોરીના આ બનાવની વિગતો એવી છે કે, ભેસાણમાં કટલેરી બજારમાં ક્રિષ્ના નોવેલટી નામની કટલેરીની દુકાન ધરાવતા ધવલ કમલેશભાઈ કથીરિયાની દુકાને સોમવારે સાંજે એક ઈસમ અત્તરનો સ્પ્રે અને મૂર્તિની ખરીદી કરવા આવ્યો હતો અને વેપારીને ચીજવસ્તુ બતાવવાના બહાને તેની નજર ચૂકવીને દુકાનના ટેબલના ખાનામાંથી રૂપિયા ૬૦૦ની રોકડ રકમ અને રૂપિયા ૨૫૦ની કિંમતનો અત્તરનો સ્પ્રે મળી કુલ રૂપિયા ૮૫૦ની કિંમતનો મુદ્દામાલ ચોરીને નાસી ગયો હતો. આ દરમ્યાન વેપારીએ પોતાની દુકાનના સીસીટીવી કેમેરા જોતા ગ્રાહકના સ્વાંગમાં આવેલ શખ્સે ચોરી કર્યાનું માલુમ પડતાં ધવલભાઈએ અન્ય વેપારીઓને ચોરીની વાત કરી હતી. બીજી તરફ ચોરી કરીને નાસી ગયેલો ઈસમ બજારમાં આંટાફેરા કરતો જોવા મળતા તેને પકડી પોલીસને સોંપી દીધો હતો. પોલીસ પુછપરછમાં આ ચોર જૂનાગઢના ઝાંઝરડા રોડ વિસ્તારમાં રહેતો મેહુલ પ્રવીણ સોલંકી હોવાનું જણાતા પોલીસે વેપારીની ફરિયાદ લઈ ધોરણસરની કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી હતી.


ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
● કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨



ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૭ થી શરૂ
MI-GL
Kelvinator
બીના ઈલેકટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



